CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 14

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 65, Dt. 14-07-2026 (TUESDAY) Rs. 02/- Page : 28, RNI No. GUJGUJ/2023/84789


### સેક્સ એજ્યુકેશન અને બાળકોને જાતીય શોષણથી બચાવવા અંગે જાગૃતિ મુખ્ય શાળા અભ્યાસક્રમ સામેલ કરવામાં આવશે

# સ્કૂલોમાં ‘સેક્સ’ એજ્યુકેશન ફરજિયાત

**(સેક્સ એજ્યુકેશન માત્ર સેક્સ વિશે નથી, પણ સુરક્ષા, આરોગ્ય, સમજ અને સન્માન વિશે છે)**

## ■ Pocso કાયદામાં ફરી વિચારણા ? સંમતિથી બનેલા કિશોર સબંધો ગૂનો નહીં ગણાય ? કેન્દ્ર સરકારે રચી નિષ્ણાંત સમિતિ

## ■ નિષ્ણાંત સમિતિની ભલામણોને સરકારે સ્વીકારી હોવાથી સુપ્રિમ કોર્ટને જાણકારી અપાઈ




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશભરમાં શાળાના અભ્યાસક્રમમાં સેક્સ એજ્યુકેશનનો સમાવેશ થવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટને માહિતી આપી હતી કે તે નિષ્ણાત સમિતિની ભલામણોના આધારે દેશભરની તમામ શાળાઓ અને કોલેજોમાં વ્યાપક સેક્સ એજ્યુકેશન દાખલ કરવાની તૈયારી કરી રહી છે. સરકારે કોર્ટને એ પણ માહિતી આપી હતી કે સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂરી મળ્યા પછી આ ભલામણોનો અમલ કરવામાં આવશે.

**નાના બાળકોને ગુડ ટચ, બેડ ટચ શીખડાવાશે**

કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચ સમક્ષ જણાવ્યું હતું કે સરકારે સમિતિના અહેવાલને સ્વીકારી લીધો છે અને તેને દેશભરમાં લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

---

**પાટણનો વ્યાજખોરીના દુષણનો હદયદ્રાવક કિસ્સો**

# ગુજરાતમાં વ્યાજખોરીની હિંસા, 5000 રૂપિયાની ઉઘરાણીમાં મહિલાને જીવતી સળગાવી

**સિટી ન્યૂઝ@પાટણ**

ગુજરાતના પાટણ શહેરમાંથી વ્યાજખોરીના દૂષણનો એક અત્યંત હૃદયદ્રાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ટાંકવાડા વિસ્તારમાં માત્ર પાંચ હજાર રૂપિયાના વ્યાજની ઉઘરાણી બાબતે એક નિસહાય મહિલા પર જ્વલનશીલ પ્રવાહી છાંટી તેને જીવતી સળગાવી દેવાનો ઘાતકી પ્રયાસ કરવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો. પાટણના ખાલકપુરા મિલવાસ વિસ્તારમાં રહેતી અને લોકોના ઘરે કામકાજ કરીને માંડ-માંડ ગુજરાન ચલાવતી પિન્કીબેન ભરતભાઈ પટણીએ પોતાના ઘરખર્ચને પહોંચી વળવા માટે આશરે એક મહિના અગાઉ સ્થાનિક વ્યાજખોર બાબુ રાવળ પાસેથી વ્યાજે પાંચ હજાર રૂપિયા લીધા હતા. બાબુ રાવળ પોતાના નાણાં પરત મેળવવા પિન્કીબેનના ઘરે પહોંચ્યો હતો. પિન્કીબેને તે સમયે ટાંકવાડા વિસ્તારમાં રહેતા જીતુ પંચાલના ઘરે ગયા હોવાથી બાબુ પણ ત્યાં પાછળ-પાછળ પહોંચી ગયો હતો. મહિલાએ તેની સામે લાચારી વ્યક્ત કરીને થોડા દિવસોમાં પૈસાની સગવડ કરીને ચૂકવી આપવાની વિનંતી કરી હતી. હાલમાં પૈસાની સગવડ નથી તેવું સાંભળતા જ વ્યાજખોર બાબુ રાવળ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. જ્વલનશીલ પ્રવાહી પિન્કીબેન પર છાંટી દીધું હતું અને દિવાસળી સળગાવી તેમના પર ફેંકી દીધી હતી.

**શરમજનક ઘટના સરકાર વ્યાજખોર સામે કડક કાર્યવાહી કરે**

---

### બાળકોની ઓનલાઇન સુરક્ષા અને માનસિક સ્વાસ્થ્ય ઉપર ખતરો ઉભો થઇ રહ્યો છે

# ગુજરાતમાં બાળકો માટે સોશિયલ મીડિયા બંધ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયની પ્રશંસા કર્યા બાદ ગુજરાત સરકારે પણ રાજ્યના શાળાકીય વિદ્યાર્થીઓ માટે સોશિયલ મીડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ઉપયોગને નિયમિત કરવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. ૧૬ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓમાં વધતા સ્ક્રીન ટાઇમ, સોશિયલ મીડિયાના વધુ ઉપયોગ અને એઆઈ પર વધતી નિર્ભરતા બાળકોના માનસિક વિકાસ, વિચારશક્તિ અને સ્વતંત્ર રીતે સમસ્યાનો ઉકેલ લાવવાની ક્ષમતા પર નકારાત્મક અસર કરી રહી છે. આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર સંભવિત નિયમન માટે વિવિધ વિકલ્પો પર વિચાર કરી રહી છે. બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ ઓસ્ટ્રેલિયાના માહિતી ટેક્નોલોજી અને સોશિયલ મીડિયા સંબંધિત કાયદાકીય સુધારાઓને વિશ્વ માટે પ્રેરણાદાયી ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારત પણ આ પ્રકારના પગલાંમાંથી ઘણું શીખી રહ્યું છે.



**ઓસ્ટ્રેલિયા સરકારના નિર્ણયની વડાપ્રધાને પ્રશંસા કરતા ગુજરાત સરકારે તૈયારી શરૂ કરી**

## વિકાસના નામે વિનાશ : તંત્ર જ કાપે છે વૃક્ષો !

# રાજકોટમાં બેરૂપીયું તંત્ર!

### એક હાથથી વાવેતર

### નેતાઓએ વૃક્ષોનું વાવેતર કર્યુ










### બીજા હાથે વૃક્ષોનું કતલ

### તંત્રએ કાપી નાખ્યા






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં આજે પર્યાવરણ અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરતી પરિસ્થિતિ સામે આવી રહી છે. એક બાજુ તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા શહેરમાં વૃક્ષો વાવવાના મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી બાજુ એ જ તંત્ર દ્વારા ખુલ્લેઆમ વૃક્ષો કપાઈ રહ્યા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.

શહેરના શાયાજી હોટલ રોડ વિસ્તારમાં આજે મોટા પાયે વૃક્ષો કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્થાનિક સૂત્રો મુજબ આ વૃક્ષો આવનારી રથયાત્રાને ધ્યાનમાં રાખીને રસ્તો ખુલ્લો રાખવા માટે કાપવામાં આવી રહ્યા છે. જોકે આ પગલાંને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નાગરિકોનું કહેવું છે કે તંત્ર દ્વારા એક તરફ વૃક્ષારોપણના કાર્યક્રમો કરીને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાની વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં શહેરમાં હાજર જૂના અને છાયા આપતા વૃક્ષોને જ કાપી નાખવામાં આવી રહ્યા છે. આ પરિસ્થિતિને “ઉલ્ટી ગંગા” ગણાવીને લોકો તંત્રની નીતિ પર સવાલો ઉઠાવી રહ્યા છે.

રાજકોટ શહેરનું હવા પ્રદૂષણ પહેલાથી જ ચિંતાજનક સ્તરે પહોંચી ગયું છે. વધતા પ્રદૂષણને કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડી રહી છે. શ્વાસ સંબંધિત બીમારીઓમાં વધારો નોંધાઈ રહ્યો છે, ત્યારે આવા સમયમાં વૃક્ષો કાપવાની કાર્યવાહી વધુ ચિંતાજનક બની છે.

પર્યાવરણપ્રેમીઓ માને છે કે વૃક્ષો શહેરના “ફેફસા” સમાન છે, અને તેમને કાપવા કરતા વધુમાં વધુ વાવેતર અને સંરક્ષણ જરૂરી છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જ્યાં પ્રદૂષણનો સ્તર ઊંચો છે, ત્યાં દરેક વૃક્ષનું મહત્વ વધી જાય છે.

હાલમાં ઉઠતા પ્રશ્નો એ છે કે શું વિકાસના નામે પર્યાવરણનો બલિદાન યોગ્ય છે? શું તંત્ર પાસે વિકલ્પિક આયોજન નહોતું? અને સૌથી મહત્વનો સવાલ એક તરફ વૃક્ષો વાવવાના કાર્યક્રમો અને બીજી તરફ વૃક્ષોની કતલ, આ દ્વંદ્વ નીતિ ક્યારે બંધ થશે?

## RMCનો સપાટોઃ 180 કિલો ઝેરી પસ્તી જપ્તઃ 35 વેપારીઓને ફટકારી નોટિસ

# રાજકોટમાં અખબારની પસ્તીમાં ભોજન પિરસતા ઉપર આરોગ્યના દરોડા

## છાપાની શાહીથી કેન્સરનું જોખમ છતાં નિયમનો ભંગ કરનાર ફરસાણ અને નાસ્તાની દુકાનોમાં ચેકિંગ કરી 44,500 રૂપિયાનો દંડ વસૂલાયો





**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાદ્યપદાર્થોના વેપારીઓ સામે રાજકોટ મહાનગરપાલિકા (RMC)ની આરોગ્ય શાખાના ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. શહેરમાં ચાલતા ફરસાણ, નાસ્તા અને ડેરીના ધંધાર્થીઓને ત્યાં વ્યાપક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેલન્સ ચેકિંગમાં સૌથી ચોંકાવનારી અને ગંભીર બાબત એ સામે આવી છે કે, લોકોના જીવના જોખમે ગરમ નાસ્તો અને અન્ય ખાદ્ય ચીજો આપવા માટે છાપાની પ્રિન્ટેડ પસ્તીનો બેફામ ઉપયોગ થઈ રહ્યો હતો. ફૂડ વિભાગે આ જીવલેણ બેદરકારી સામે કડક કાર્યવાહી કરી કુલ ૧૮૦ કિલો પ્રિન્ટેડ પસ્તીનો જથ્થો જપ્ત કરી વેપારીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે.છાપાં છાપવા માટે વપરાતી શાહીમાં ખતરનાક કેમિકલ્સ અને લેડ (સીસું) જેવા તત્વો હોય છે. જ્યારે ગરમ ભજિયાં, ગાંઠિયા, સમોસા કે અન્ય નાસ્તો આ પસ્તીમાં રાખવામાં આવે છે, ત્યારે શાહી પીગળીને સીધી ખોરાકમાં ભળે છે. નિષ્ણાતોના મતે આવો ખોરાક લાંબા ગાળે કેન્સર અને પેટના ગંભીર રોગો નોતરે છે. આટલું મોટું જોખમ હોવા છતાં રાજકોટના જાણીતા ફરસાણ અને નાસ્તાવાળાઓ નિયમોના ધજાગરા ઉડાવતા પકડાયા હતા. ફૂડ વિભાગની ટીમે સપાટો બોલાવી કુલ ૧૨૧ રેસ્ટોરન્ટ અને પેઢીઓમાં તપાસ કરી હતી. જેમાંથી હાઈજેનિક કન્ડિશનનો અભાવ, લાઈસન્સ ન હોવા અને ખાસ કરીને પસ્તીના ઉપયોગ બદલ ૩૫ પેઢીઓને નોટિસ ફટકારવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ રૂ. ૪૪,૫૦૦નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો છે. તપાસમાં મવડી રોડ પરના વરિયા ફરસાણ પાસેથી ૧૬ કિલો, ગોંડલ રોડના જલારામ ફરસાણ પાસેથી ૧૧ કિલો અને મહાવીર ફરસાણ પાસેથી ૪ કિલો પસ્તી જપ્ત કરવામાં આવી હતી.



સિટી ન્યૂઝ Rajkot 00 | 08 JUNE 2026, MONDAY

Fssai નો કડક હુકમ : શહેરમાં હજુ સમોસા ગાંઉયા અખબારમાં જ પિરસાય છે

**અખબારમાં ફૂડ જોખમકારક ?**

રાજકોટ આરોગ્ય શાખા અજાણ હતી ?

રાજકોટમાં આ નિયમો લાગુ ?

FSSAI કડક કાર્યવાહી શરૂ

સિટી ન્યૂઝ@રાજકોટ
ભારતમાં સમોસા, પકોડા અને જલેબી વેચનારાઓ માટે મોટો ફેરફાર થયો છે. ખાવાની વસ્તુઓને અખબારમાં લપેટીને આપવા બદલ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.મુંબઈમાં એક વડાપાઉં વિક્રેતા ગ્રાહકોને અખબારમાં ખાવાનું પેક કરીને આપી રહ્યો હતો. આ પછી FSSAI અને BMC એ સંયુક્ત કાર્યવાહી કરી હતી. ત્યારબાદ દેશભર માટે કડક નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. આ નિયમ હોટલ, ક્લાઉડ કિચન સહિત તમામ ખાદ્ય કારોબારીઓ પર લાગુ થશે.

આ નિયમ હોટલ, ક્લાઉડ કિચન સહિત તમામ ખાદ્ય કારોબારીઓ પર લાગુ થશે.

શું-શું પ્રતિબંધિત છે ?
- અખબારમાં ખાવાનું લપેટવું
- ઢાંકવા માટે અખબારનો ઉપયોગ કરવો
- સમોસા-પકોડાનું વધારાનું તેલ શોષવા માટે અખબાર પાથરવું

નિષ્ણાતોના મતે અખબારની શાહીમાં ઘણા રસાયણો અને ભારે ધાતુઓ, જેમ કે સીસું (Lead), હાજર હોઈ શકે છે.

શું થઈ શકે છે નુકસાન ?
અખબાર ઘણી જગ્યાઓ પરથી પસાર થાય છે, તેથી તેના પર બેક્ટેરિયા અને અન્ય કીટાણુઓ પણ હોઈ શકે છે. આવા સંજોગોમાં અખબારમાં રાખેલું ખાવાનું સ્વાસ્થ્ય માટે જોખમ પેદા કરી શકે છે.

## ફૂડ વિભાગે 121 રેસ્ટોરન્ટ પેઢીઓ તપાસી વાસી ખોરાકનો નાશ કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કુલ મળી ૧૨૧ પેઢી/ રેસ્ટોરન્ટ ની તપાસ કરી કુલ ૫૫ Kg અખાદ્ય, વાસી જથ્થાનો નાશ કરી કુલ ૩૫ પેઢીને સ્ટોરેજ, લાઈસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપવામાં આવેલ તથા ૧૮૦ kg પસ્તી નો જથ્થો જપ્ત કરી ફૂલ રૂ.૪૪,૫૦૦/-નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલ તથા fssai એક્ટ હેઠળ ૧૨ નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ.શ્રીમાન છોટુજી સમોસેવાલેઃવન-દ્વારકા કોમ્પ્લેક્સ સામે, ટાગોર રોડ, રાજકોટ. યોગ્ય સ્ટોરેજ રાખવા બાબતે નોટિસ આપેલ છે. પ્રીપેર્ડ વાસી ચીજો તથા ઈન્ડસ્ટ્રીયલ સ્ટાર્ચ મળી કુલ ૫૫ kg નાશ કરેલ તેમજ ૫,૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરી આંબલી-ખાંડની ચટણી (લુઝ)નો નમૂનો લેવામાં આવેલ. ધમાભાઈ બ્રેડવાળાઃ વિરાણી ચોક, ટાગોર રોડ, નોટિસ આપેલ છે. લાઈસન્સ ન હોવા તથા લાઈસન્સ ધારક પાસેથી ખરીદી અંગે કોઈ આધાર ન હોવા અંગે ૨૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ.
જનતા બેકરીઃ મનહર પ્લોટ-૭, મંગળા મેઈન રોડ, નોટિસ આપેલ છે. અનહાઈજેનીક કન્ડિશન તથા વપરાશમાં લેવાતા ખાદ્યતેલ ડિસ્પ્લે કરવા, અંગે ૨૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ.
વરિયા ભજીયા હાઉસઃ લોધાવાડ ચોક, મંગળા મેઈન રોડ, નોટિસ આપેલ છે.વપરાશમાં લેવાતા ખાદ્યતેલ ડિસ્પ્લે કરવા, પ્રિન્ટેડ પસ્તીના ઉપયોગ તથા લાઈસન્સ અંગે ૧૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ.
શ્રી બાલગોપાલ લાલજી નાસ્તા હાઉસઃ હરિઓમ કોમ્પલેકસ, મંગળા રોડ ટાગોર રોડ કોર્નર, નોટિસ આપેલ છે. વપરાશમાં લેવાતા થર્મોકોલ બાઉલ, તથા લાઈસન્સ ન હોવા અંગે ૧૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ.

## રાજ્યના 31 શહેરોની સ્કુલોમાં 697 ડમી વિદ્યાર્થી

# એલન, આકાશ, ઈજ્યુનોવા, ફિનોલ, ફોટોન અને જ્ઞાનમંજરી કોચિંગ ક્લાસમાં ચાલે છે 'ડમી એડમિશન'નો ધંધો ?

## રાજકોટના જસદણની આલ્ફા સંકુલમાં બાળકીના મોત બાદ DEOનો રિપોર્ટ: ગુજરાતમાં ડમી કોચિંગનો પર્દાફાશ




**વિદ્યાર્થીઓ પાસેથી ટ્યુશન ફી ઉઘરાવીને લિવીંગ સર્ટિફિકેટ અન્ય સ્કૂલોમાં રાખવાની અલગથી ફી આપવામાં આવે છે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં JEE-NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ચાલતા કોચિંગ ક્લાસીસ સામે ગંભીર આક્ષેપો ઊભા થઈ રહ્યા છે. એલન, આકાશ, ઇજ્યુનોવા, ફિનોલ, ફોટોન અને જ્ઞાનમંજરી જેવી જાણીતી કોચિંગ સંસ્થાઓને લઈને વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ચર્ચા તેજ બની છે કે અહીં શિક્ષણની આડમાં અલગ જ સિસ્ટમ ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ, કેટલાક કોચિંગ ક્લાસીસ "ભૂતિયા સ્કૂલ" જેવી વ્યવસ્થા હેઠળ કામ કરી રહ્યા હોવાના આક્ષેપો છે. તેમાં વિદ્યાર્થીઓને નિયમિત શાળા બદલે કોચિંગમાં જ અભ્યાસ કરાવવામાં આવે છે, જ્યારે તેમના શાળાના દાખલા (લિવિંગ સર્ટિફિકેટ) અન્ય સંલગ્ન અથવા અલગ સ્કૂલોમાં રાખવામાં આવે છે. આ માટે વાલીઓ પાસેથી અલગથી ફી વસૂલાત થતી હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે.

આ મોડેલ હેઠળ વિદ્યાર્થીઓનો શાળામાં હાજરીનો રેકોર્ડ કાગળ પર જ રાખવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં તેઓ આખો સમય કોચિંગ ક્લાસમાં જ વિતાવે છે. શિક્ષણ વિભાગના નિયમો મુજબ આવી વ્યવસ્થા ગેરકાયદેસર ગણાઈ શકે છે, કારણ કે શાળા અને કોચિંગને અલગ રાખવાના સ્પષ્ટ નિયમો છે.

આ પ્રકારની પ્રવૃત્તિઓ નવા નથી. અગાઉ પણ રાજકોટ નજીક એક બોગસ સ્કૂલનો પર્દાફાશ થયો હતો, જ્યાં કોઈ માન્યતા વિના શાળા ચલાવવામાં આવતી હતી અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાની વાત કરવામાં આવતી હતી.

આ ઘટના બાદ પણ જો આવી સિસ્ટમ ફરી ઉભી થઈ રહી હોય તો તે શિક્ષણ વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.વાલીઓમાં ચિંતા એ છે કે તેઓ લાખો રૂપિયાની ફી ચૂકવે છે, છતાં તેમના બાળકો કાયદેસર અને માન્ય શિક્ષણ મેળવી રહ્યા છે કે નહીં તેની કોઈ ખાતરી નથી. બીજી તરફ, વિદ્યાર્થીઓ પર પણ શૈક્ષણિક અને માનસિક દબાણ વધતું હોવાનો મુદ્દો ઉઠી રહ્યો છે.

શિક્ષણવિદો માને છે કે જો આવા "ભૂતિયા સ્કૂલ મોડેલ" પર સમયસર કડક કાર્યવાહી નહીં થાય, તો તે સમગ્ર શિક્ષણ પ્રણાલી માટે જોખમી બની શકે છે. ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના નામે ચાલતી આ પદ્ધતિ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સીધો ખેલ ગણાઈ રહી છે.

હવે સવાલ એ છે કે શું શિક્ષણ વિભાગ આ મામલે તપાસ કરશે? અને જો આક્ષેપો સાચા સાબિત થાય, તો જવાબદાર સામે કડક કાર્યવાહી થશે કે નહીં? રાજકોટમાં ઉઠેલી આ ચર્ચાએ એક મોટો પ્રશ્ન ઉભો કર્યો છે. શું કોચિંગના નામે શિક્ષણનું વ્યાપારીકરણ હવે નિયંત્રણ બહાર જઈ રહ્યું છે?



સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Rajkot 00 | 5 JULY 2026, SATURDAY

શિક્ષણ કે ધંધો: ડમી એડમિશનથી વાલીઓ ઉપર ડબલ બોજ

**રાજકોટની Allen Academyમાં ડમી એડમિશનનો ખેલ ?**



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ સહિત ગુજરાતના અનેક શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કાર્યરત કેટલીક ખાનગી કોચિંગ સંસ્થાઓમાં *ડમી એડમિશન*ની પ્રથા ફરી ચર્ચામાં આવી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓના જણાવ્યા મુજબ, કેટલીક કોચિંગ સંસ્થાઓ પાસે ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ ચલાવવાની શાળા તરીકે માન્યતા ન હોવા છતાં તેઓ વિદ્યાર્થીઓને પોતાના કોચિંગમાં સંપૂર્ણ સમય અભ્યાસ કરાવે છે, જ્યારે બોર્ડની ઔપચારિક પ્રક્રિયા માટે અન્ય ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવે છે.

રાજકોટમાં કાર્યરત Allen Academy અંગે પણ આવા આક્ષેપો સામે આવ્યા છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, સંસ્થા દ્વારા કેટલીક ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવે છે અને તે ઉપરાંત કોચિંગની અલગથી લાખો રૂપિયાની ફી લેવામાં આવે છે. વાલીઓનો આક્ષેપ છે કે એક જ વિદ્યાર્થીના શિક્ષણ માટે તેમને કોચિંગ અને શાળા બંને જગ્યાએ અલગ-અલગ મોટી રકમ ચૂકવવી પડે છે, જેના કારણે શિક્ષણનો ખર્ચ સામાન્ય પરિવાર માટે અસહ્ય બની જાય છે.જો કોઈ વિદ્યાર્થી માત્ર હાજરી પૂરતી જ શાળામાં નોંધાયેલ હોય અને વાસ્તવિક અભ્યાસ સંપૂર્ણપણે અન્યત્ર કરતો હોય, તો તે શિક્ષણ વ્યવસ્થાની ભાવના વિરુદ્ધ ગણાય છે. જો આવી પ્રથા ચાલી રહી હોય તો સંબંધિત શાળાઓ અને સંસ્થાઓની ભૂમિકા અંગે શિક્ષણ વિભાગે ગંભીરતાથી તપાસ કરવી જરૂરી બને છે.ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર-૨૦૨૫માં ગુજરાત સરકારે ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસો માટે નિયમનકારી કાયદો લાવવાની જાહેરાત કરી હતી. તે માટે ખાસ સમિતિ રચવાની પણ જાહેરાત થઈ હતી, પરંતુ હજુ સુધી આ મુદ્દે કોઈ સ્પષ્ટ નિયમો અમલમાં આવ્યા નથી. પરિણામે કોચિંગ ક્ષેત્રમાં અનેક પ્રશ્નો આજે પણ યથાવત્ હોવાનું જણાઈ રહ્યું છે.જો તપાસ દરમિયાન એવું સામે આવે કે કોઈ શાળા માત્ર કાગળ પર વિદ્યાર્થીઓના પ્રવેશ આપી નિયમોનું ઉલ્લંઘન કરી રહી છે, તો શિક્ષણ વિભાગે નિયમો મુજબ કાર્યવાહી કરવી જોઈએ. સાથે જ, રાજ્ય સરકારે કોચિંગ સંસ્થાઓ માટે જાહેર કરેલા નિયમનને ઝડપથી અમલમાં મૂકી વાલીઓ અને વિદ્યાર્થીઓના આર્થિક તથા શૈક્ષણિક હિતોની સુરક્ષા કરવી જરૂરી છે. આ મામલે સત્ય શું છે તે સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. પરંતુ ઉઠેલા પ્રશ્નો એટલા ગંભીર છે કે રાજ્યના શિક્ષણ વિભાગે સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરીને હકીકતો જનતા સમક્ષ મૂકવી સમયની માંગ બની છે.




AI IMAGE

### 5 રૂપિયાનું બિલ કમીશનરથી મંજૂરી વગર પાસ થઈ શકે નહીં

# ‘કાજુકતરી કાંડ’ કમિશનર સુમેરા શંકાના ઘેરામાં ?

## મ્યુનિસિપલ કમિશનરે જે સમિતિ બનાવી તેને 15 દિવસ પૂર્ણ : ‘કટકીકાંડ’ તપાસ ‘ઝિરો’ કારણ શું ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કાજુકતરી કાંડની ટૂકડે-ટૂકડે ગેંગને બચાવવાના પ્રયાસ શરૂ થયા હોય તેમ મ્યુનિસિપલ કમિશનરે જે સમિતિની રચના કરી હતી અને બાદમાં અધ્યક્ષ બદલાવી નાખ્યા તે સમિતિની આજે ૧૫ દિવસ બાદ પણ કોઈ બેઠક મળી નથી. તેથી તપાસ હજુ શરૂ જ થઈ નથી.

કાજુકતરી કાંડને પગલે મેયર નેહલ શુક્લએ તપાસ કરવા માટે કમિશનરને પત્ર લખ્યો હતો. કમિશનરે તેના આધારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સી. કે. નંદાણીની અધ્યક્ષતામાં તપાસ સમિતિ બનાવી હતી, જેની બેઠક પણ મળી હતી. જોકે ત્યારબાદ કમિશનર તુષાર સુમેરાએ નંદાણીને બદલે કેતન જોશીને તપાસ સમિતિના અધ્યક્ષ બનાવી દીધા હતા.

ત્યારબાદથી અત્યાર સુધીમાં ફક્ત એક જ વખત તપાસ સમિતિની બેઠક મળી હતી અને તે પણ પ્રાથમિક બેઠક હતી, કોઈ મહત્ત્વના નિર્ણય લેવાયા ન હતા. સમિતિના ગઠનના ૧૫ દિવસ થઈ ગયા છતાં કામગીરી

### પ્રકરણ ઠંડું પાડી દઈ બિલ પાસ કરવાની છટકબારી ગોઠવણ કરવામાં આવી રહી છે ?

શૂન્ય છે. હકીકતે આ જ ષડયંત્ર છે.

પ્રમોટી આઈએએસ કેતન જોશી પાસે પીજીવીસીએલના એમડી અને રિજિયોનલ મ્યુનિસિપાલિટી કમિશનરની સાથે સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનરનો ચાર્જ છે. ઘણી બધી મહાનગરપાલિકાઓ, મસમોટી પીજીવીસીએલ અને મનપાના કામમાં કેતન જોશી રીતસરના ચાર્જમાં દબાઈ ગયા છે, તેમની પાસે પૂરતો સમય જ નથી.

તેવામાં તેમને જ તપાસ સમિતિના અધ્યક્ષ બનાવ્યા છે. તપાસ સમિતિનું કામ ગહન અભ્યાસ કરવાનું છે અને તે માટે બેઠક કરવી પડે, ડેટા ભેગો કરવો પડે, દસ્તાવેજો ચકાસવા પડે અને નિવેદનો લેવા પડે. આ માટે રોજ કામગીરી કરવી પડે, પણ ત્રણ-ત્રણ કચેરી સંભાળતા કેતન જોશીને નીમીને મ્યુનિ. કમિશનરે જ તપાસ સમિતિને મૃતપ્રાય બનાવી દીધી છે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, કે જેઓ જંગલેશ્વરના ડિમોલિશનના જશ ખાટવાના મૂડમાં હતા પણ કાજુકતરી કાંડને કારણે રાજકોટ મનપા ટીકા અને હાંસીને પાત્ર બની છે.






### ગુજરાત ભાજપે મહિલા મોરચાના ઉપપ્રમુખ બનાવ્યા

# એકતાબા સોઢાની ભાજપમાં રાજવી એન્ટ્રી

## ક્ષત્રિય સમીકરણો પર ભાજપનું ફોકસ : રાજવી કાર્ડથી ભાજપનો નવો દાવ

## લોકસભાની ટિકિટ મળે તેવી ચર્ચાએ જોર પકડ્યું







**સિટી ન્યૂઝ@જામનગર**

ગુજરાત ભાજપના રાજકારણમાં વધુ એક રાજવી ચહેરાની એન્ટ્રી નોંધાઈ છે. ભાજપ દ્વારા શનિવારે મહિલા મોરચાના નવા હોદ્દેદારોની યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં જામનગરના રાજવી પરિવાર સાથે સંકળાયેલ એકતાબા સોઢાને ઉપપ્રમુખ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

એકતાબા સોઢા સામાજિક ક્ષેત્રે સક્રિય રહી અનેક સેવાકીય કાર્યો સાથે જોડાયેલા છે. તેઓ જામનગરના રાજવી પરિવારમાંથી આવતાં હોવાથી રાજકીય તેમજ સામાજિક વર્તુળોમાં તેમની ઓળખ મજબૂત માનવામાં આવે છે. રાજવી પૃષ્ઠભૂમિ ધરાવતા નવા મહિલા ચહેરાને ભાજપ દ્વારા મહત્વ આપવું આવનારા સમયમાં રાજકારણમાં નવા સમીકરણો ઉભા કરી શકે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

માહિતી મુજબ, એકતાબા સોઢા અગાઉ પણ જાહેર જીવનમાં સક્રિય રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે જામનગરના પૂર્વ રાજવી શત્રુશલ્યસિંહને મળવા તેમના મહેલમાં ગયા હતા, ત્યારે એકતાબા સોઢા પણ હાજર હતાં. આ ઉપરાંત, તેઓ ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત પણ લઈ ચૂક્યાં છે, જે તેમના શૈક્ષણિક અને સામાજિક મુદ્દાઓ પ્રત્યેના રસને દર્શાવે છે.

ભાજપના સૂત્રો અનુસાર, એકતાબા સોઢા હવે મહિલા મોરચામાં સક્રિય ભૂમિકા ભજવશે અને સંગઠનને મજબૂત બનાવવા માટે કાર્ય કરશે. ખાસ કરીને મહિલા સશક્તિકરણ અને સમાજસેવા સાથે જોડાયેલા મુદ્દાઓમાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહી શકે છે.

જામનગરમાંથી આવતા નવા ક્ષત્રિય મહિલા નેતૃત્વને ભાજપે આગળ લાવતાં રાજ્યના રાજકારણમાં નવા પરિમાણો સર્જાવાની સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. હવે જોવું રહ્યું કે એકતાબા સોઢા આ નવી જવાબદારીને કેવી રીતે નિભાવે છે અને સંગઠનમાં પોતાની છાપ કેવી રીતે મૂકે છે.



### કાયદાનો ભંગ; 501માંથી 387 પ્રોજેક્ટ્સ ગેરકાયદેસર

# ગીરને ગળી ગયા ગેરકાયદે રિસોર્ટ્સ અને ફાર્મહાઉસ

# તંત્ર અંધ-બહેરું !



## ઈકોઝોનમાં બેફામ બાંધકામ; હાઈકોર્ટમાં ખુલાસો 113 જ કાયદેસર બાકીના નિયમો વિના ધમધમે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગીર અભયારણ્ય નજીક ગેરકાયદેસર હોટેલ-રિસોર્ટ મામલે હાઈકોર્ટમાં જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી કલેક્ટરના સોગંદનામાથી ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. કુલ ૫૦૧ પ્રવાસન એકમોની તપાસમાં ૩૮૭ એકમો ગેરકાયદેસર જણાયા. મોટાભાગના રિસોર્ટ ભાજપ નેતાઓની ભાગીદારીમાં ધમધમતા હોવાનું ખુલ્યું. રેવન્યુ વિભાગની બેદરકારીને કારણે સિંહોના કોરિડોરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલી રહી છે.ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૩૦૮ હોસ્પિટાલિટી એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી માત્ર ૮૭ એકમો કાયદેસર માલુમ પડ્યા છે, જ્યારે ૨૨૧ એકમો વન વિભાગ અને વહીવટી તંત્રની મંજૂરી વિના ગેરકાયદેસર ચાલી રહ્યા છે. કલેક્ટરના રિપોર્ટ મુજબ આમાંથી ૧૬૩ એકમોમાં નાની અને બાકીનામાં મોટી ખામીઓ છે. નિયમોના ભંગ બદલ ૧૯૧ એકમોને નોટિસ અપાઈ છે અને ૨૮ એકમો સામે પગલાં ભરીને માત્ર ૧૦ એકમો સીલ કરાયા છે. ૧૨૭ રહેણાંક મકાનોમાં લોજિંગ-બોર્ડિંગની વ્યવસાયિક પ્રવૃત્તિ થતી હોવાનું પણ ખૂલ્યું છે. અમરેલી જિલ્લામાં કુલ ૨૯ એકમોની તપાસ કરાતા માત્ર ૩ એકમો જ કાયદેસર મળ્યા છે, જ્યારે ૧ એકમ બંધ હતો. બાકીના ૨૫ એકમો નિયમોના લીરેલીરા ઉડાડીને ગેરકાયદેસર ચાલતા ઝડપાયા છે. જેમાં ૧૫માં નાની અને ૧૦માં ગંભીર પ્રકારની મોટી ખામીઓ છે.જૂનાગઢ જિલ્લાની હદમાં કુલ ૧૬૪ એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી માત્ર ૨૩ એકમો જ કાયદેસર અને નિયમોનું પાલન કરતા મળ્યા છે. બાકીના ૧૪૧ એકમો ગેરકાયદેસર છે, જેમાં ૪૩ એકમોમાં નાની અને ૯૮ એકમોમાં ભારે મોટી ખામીઓ (જેવી કે ગેરકાયદેસર બાંધકામ અને જમીનનો દુરુપયોગ) સામે આવી છે.ગીર અભયારણ્ય અને તેની આસપાસના ઈકો-સેન્સિટિવ ઝોનમાં ચાલી રહેલા ગેરકાયદેસર હોટેલ, રિસોર્ટ અને ફાર્મહાઉસના આડેધડ બાંધકામો મુદ્દે હાઈકોર્ટમાં ચાલતી જાહેર હિતની અરજીમાં જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લા કલેક્ટરો દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. જે ગીરની બોર્ડર પર ચાલતી ગંભીર બેદરકારીની પોલ ખોલે છે. આશ્ચર્યની વાત એ છે કે આ પૈકીના મોટાભાગના ફાર્મહાઉસ રિસોર્ટ ભાજપના જ નેતાઓની ભાગીદારીમાં ધમધમતા હોય છે. એક તરફ સરકાર સિંહોને નવું જંગલ તો આપી શકે તેમ નથી પરંતુ જંગલની બોર્ડર પર બેરોકટોક સિંહની અવરજવર માટેના કોરિડોરમાં ગેરકાયદેસર હોટેલ, રિસોર્ટ, ફાર્મ હાઉસનો રાફડો ફાટી નીકળ્યો હોવા છતાં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવામાં પણ સરકારનો રેવન્યુ વિભાગ નિષ્ફળ ગયું છે. સિંહોને જંગલ ટૂંકું પડતું હોવાથી તે માનવ વસાહત તરફ વળ્યા છે અને સતત માનવના સંપર્કમાં આવી ઘર્ષણ કરતા થઈ ગયા છે.સામાન્ય રીતે વન્યજીવોના સંરક્ષણ માટે વન વિભાગ દોષી દેખાય છે.

## ભાજપ નેતાઓની ભાગીદારીથી ધમધમે છે રિસોર્ટ

સાવજને નવું જંગલ તો આપી શકતા નથી પરંતુ જંગલની બહારના વિસ્તારમાં પણ ગેરકાયદે બાંધકામો રોકવામાં રેવન્યુ વિભાગ વામણો : મોટાભાગના ફાર્મહાઉસ અને રિસોર્ટ ભાજપના જ નેતાઓની ભાગીદારીમાં ધમધમે છે.

## રેવન્યુ વિભાગની આંખો પર પાટાઃ સૌથી વધુ દોષી

રેવન્યુ વિભાગના આંખે પાટા બંધાઈ ગયા હોય તેમ ઈકો ઝોનમાં કંઈ ગેરકાયદેસર દેખાતું જ નથી. હાઈકોર્ટે રિપોર્ટ માગતા ચોંકાવનારી વિગતો સામે આવી છે છતાં હજુ પણ માત્ર નોટિસની જ કાર્યવાહી શરૂ થઈ છે. સમગ્ર તપાસ દરમિયાન ગીરના ત્રણેય જિલ્લામાં થઈને કુલ ૫૦૧ પ્રવાસન એકમોની ભૌતિક તપાસ કરવામાં આવી હતી. જેમાં માત્ર ૧૧૩ એકમો જ નિયમબદ્ધ કાયદેસર માલુમ પડ્યા છે. જ્યારે અધધધ ૩૮૭ એકમો વન વિભાગ કે વહીવટી તંત્રની કોઈ પણ પ્રકારની કાયદેસરની પરવાનગી વિના ગેરકાયદેસર રીતે ધમધમતા હોવાનું સામે આવ્યું છે. સામાન્ય રીતે વન્યજીવોના સંરક્ષણ માટે વન વિભાગ દોષી દેખાય છે, પરંતુ ખેતીની જમીનને બિન-ખેતી કરવાની મંજૂરી આપવી, ગેરકાયદે બાંધકામો અટકાવવા અને જમીનનો વ્યવસાયિક દુરુપયોગ રોકવાની પ્રાથમિક અને સીધી જવાબદારી રેવન્યુ વિભાગની છે. આક્ષેપ થઈ રહ્યો છે કે, સિંહોની કુદરતી અવરજવર માટેના મુખ્ય કોરિડોર બંધ કરી દેનારા અને ગીરની ગરિમાને નુકસાન પહોંચાડનારા મોટા માથાઓ તેમજ હોટેલ માફિયાઓને રેવન્યુ વિભાગનો છૂપો પણ મોટો સપોર્ટ છે.

### રાજકોટ મહાપાલિકાએ પાણીચોરી માટે આકરી ઝુંબેશ શરૂ કરી

# સિટી ન્યૂઝના સચોટ અહેવાલ બાદ પાણી ચોર માફિયા બિલ્ડિંગમાં ચેકિંગ !

## હપ્તારાજનો ભાંડાફોડ ડરથી બિલ્ડિંગ ધારકોએ વાલ્વની ચાવી પરત સોંપી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાએ પાણીચોરી માટે આકરી ઝુંબેશ શરૂ કરી છે, મનપાએ જો કોઈ પાસે વાલ્વની ચાવી હોય તો આપી જવા તાકિદ કરી હતી. જેને પગલે ૨ હાઇરાઇઝ બિલ્ડિંગના રહીશો પાણીચોરી કરવાની ચાવી સામેથી જ મનપાને સોંપી ગયા છે.

વેસ્ટ ઝોન વિસ્તારના કોરાટ ચોકમાં આવેલા રુદ્રાક્ષ હેરિટેજ અને રુદ્રાક્ષ સિટી સી વિંગના રહેવાસીઓ પૈકીના આગેવાનો મનપાની કચેરીએ આવ્યા હતા અને બે ચાવી પરત આપી દીધી છે. મનપાએ તમામને નોટિસ આપી હતી, જેમની પાસે ચાવી હોય તેઓ આપી જાય તો કાર્યવાહી થશે નહીં.આ બંને બિલ્ડિંગ ધારકોએ ડરથી કે પ્રમાણિકતાથી ચાવી પરત આપી દીધી છે, તેથી હવે મનપા તેમની સામે કાર્યવાહી કરશે નહીં. જોકે જ્યાં જ્યાં નોટિસ અપાયેલી છે તે શંકાસ્પદોએ હજુ સુધી ચાવી આપી નથી અને મનપાની ફ્લાઈંગ સ્કવોડ ત્યાં ત્રાટકી અને ભૂતિયાં નળ તેમજ પાણીચોરી કરવાની વાલ્વ ચાવી મળી આવી તો હવે સીધી પોલીસ ફરિયાદ જ કરવામાં આવશે.મનપાના અધિકારીઓ જણાવે છે કે અત્યાર સુધીમાં ૧૧૦૦ સ્થળે નોટિસ આપી દીધી છે અને તેમને પગલાં શું લેવાશે તે પણ કહી દેવાયું છે, જો હવે તે સ્થળેથી મનપા ચાવી શોધી લાવશે કે પછી અન્ય પાણીચોરી મળશે તો આકરા દંડ અને પોલીસ ફરિયાદ થશે.

મનપાની પાણીચોરી શોધતી ટીમે વોર્ડ નં.૧૧માં કણકોટ રોડ, બાલાજી હોલ રોડ, નાનામવા રોડ પરની હાઈરાઈઝ બિલ્ડિંગમાં પાણી આપવાના સમયે તપાસ કરી હતી.

આ દરમિયાન જોકે કશું વાંધાજનક મળ્યું નથી અને કાર્યવાહી થઈ નથી. થોડા દિવસ પહેલાં હાઇરાઇઝ બિલ્ડિંગમાં પાણીચોરી પકડાતાં અત્યાર સુધીનો સૌથી વધુ એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.



સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Rajkot 02 | 03 JULY 2026, FRIDAY

રાજકોટમાં પાણી કૌભાંડમાં RMC તંત્ર જ પાણી ચોરીમાં સંડોવાયું ?

**વાલ્વમેનને 5 હજારથી 35 હજાર સુધીના હાઈરાઈઝ બિલ્ડીંગો હપ્તા ચૂકવે છે ?**

પ્રજાને 20 મિનિટ પાણી, સાધુ–વાસવાણી રોડ ઉપર હાઈરાઈઝ બિલ્ડિંગોમાં બે કલાક વાલ્વ ચાલુ રાખવાના 5 હજાર 12 કલાકના 35 હજારનો મહિને હપ્તો!

મહાપાલિકાની હદ પાર; ગરીબોની તરસ છીનવી અમીરોને પૈસાથી 24 કલાક પાણીની રેલમછેલ

AI IMAGE

**વોટર માફિયાનું વાલ્વમેનથી અધિકારીઓ સુધી સેટિંગ ?**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાનું ભ્રષ્ટ તંત્ર ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. શહેરમાં પાણી ચોરી રોકવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હોવા છતાં, સવાલ એ ઊભો થાય છે કે પાણી ચોરી કરનારાઓ સામે કાર્યવાહી પૂરતી છે કે પછી પાણી ચોરી કરાવનારા મોટા માથાઓ સુધી હાથ પહોંચશે?

ભાજપે સત્તા સંભાળ્યા બાદ જાગૃત મેયર નેહલભાઈ શુક્લ અને તેમની ટીમ દ્વારા ભ્રષ્ટાચાર સામે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. જવાબદારી નક્કી કરીને અધિકારીઓને સસ્પેન્ડ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. છેલ્લા ૧૫ દિવસથી પાણી ચોરી કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી માટે અધિકારીઓને સત્તા આપવામાં આવી છે, છતાં તંત્રની અંદર જ ભ્રષ્ટાચારના સળિયા ઘૂસી ગયા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.


પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના પોશ વિસ્તારોમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડિંગોમાં પાણીની અછત ન સર્જાય તે માટે વાલ્વમેનને રૂ. ૫,૦૦૦ થી લઈ રૂ. ૩૫,૦૦૦ સુધીના હપ્તા ચૂકવવામાં આવે છે. આ ગેરકાયદે વ્યવહાર માત્ર નીચલા સ્તર સુધી સીમિત નથી, પરંતુ આ રકમ ઉપરના અધિકારીઓ સુધી પહોંચતી હોવાના ગંભીર આક્ષેપો પણ સામે આવ્યા છે.

ખાસ કરીને સાધુ વાસવાણી રોડ સહિતના વિસ્તારોમાં પાણી ચોરીનો ગોરખધંધો ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. એક બાજુ ગરીબ વિસ્તારોમાં લોકોને પીવાનું પાણી પણ પૂરતું મળતું નથી, જ્યારે બીજી બાજુ શ્રીમંત વિસ્તારોમાં ગેરરીતે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. કહેવત મુજબ "ગરીબના ઘરમાં તેલનો ટીપો નહીં અને શ્રીમંતોની કબર પર ઘીના દીવા" જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ સમગ્ર મામલે સૌથી મોટો સવાલ એ છે કે તંત્ર પોતે જ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલું હોય તો તપાસ સમિતિઓ શું કામની? માત્ર દેખાવ માટેની કાર્યવાહીથી કંઈ બદલાવ આવવાનો નથી. સ્થાનિકોમાંથી માંગ ઉઠી રહી છે કે માત્ર નાની માછલીઓને નહીં, પરંતુ પાણી ચોરી કરાવનારા મોટા માથાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. વિજિલન્સ તપાસની જગ્યાએ જો હાઈરાઈઝ બિલ્ડિંગોમાં અચાનક જનતા રેડ કરવામાં આવે તો વોટર વર્ક શાખાનો ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

જો સમયસર કડક અને પારદર્શક પગલાં લેવામાં નહીં આવે, તો રાજકોટ મહાનગરપાલિકાનું આ ભ્રષ્ટ તંત્ર જંગલેશ્વરની કાજુ કતરી કરતા પણ વધારે "મીઠું" બની જશે જ્યાં બધાને ફાયદો, પણ સામાન્ય નાગરિકને ન્યાય નહીં.

## કિંગ્સટન ફ્લેટમાં રૂપિયાથી વાલ્વ ખુલ્લો રાખે છે ?




શહેરના સિલ્વર સ્ટોન મેઈન રોડ ઉપર આવે કિંગ્સટન ફ્લેટમાં પણ રૂપિયા આપી વાલ્વમેન વાલ્વ ખૂલો રાખી દેવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે દરરોજ સવારે વાલ્વમેનને વધારે ખૂલ્લો રાખવાને એક દિવસના ૫૦૦ રૂપિયા અને મહિને ૧૫૦૦૦ નો હપ્તો નક્કી કરવામાં આવ્યો છે ત્યારે તંત્રએ આ પાણીચોરો સામે કડક પગલાં લેવા જરૂરી છે

## સત્યાગ્રહ પાર્ટ 3 ; ખેડૂતોની મોરબી કલેક્ટર કચેરી સુધી રેલી, 3 વિકલ્પ સાથે આવેદન

# ખેડૂતોની ચીમકી; 2027માં સરકારને ઉખેડી નાંખશું !



## અદાણી તારા ઘર આગળ થાંભલો નાખ અમને હેરાન ન કર



ગુજરાતનો જગતનો તાત આજે પોતાની કિંમતી જમીન અને હક બચાવવા માટે રસ્તા પર ઉતરી આવ્યો છે. મોરબીના જેતપર ગામે ખાનગી કંપનીઓના વીજપોલ સામે શરૂ થયેલું આંદોલન હવે જનઆંદોલન બની ચૂક્યું છે. સરકાર દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલો વળતરનો નવો પરિપત્ર ખેડૂતોના હિતમાં ન હોવાથી, આજે 'સત્યાગ્રહ પાર્ટ-૩' ના ભાગરૂપે હજારો ખેડૂતોએ મહેન્દ્રનગર ચોકડીથી કલેક્ટર કચેરી સુધી વિશાળ કૂચ કરી સરકાર સામે રણશિંગું ફૂંક્યું હતું.




## ખેડૂતો પર સરકારને દયા નથી!

ખેડૂત પરિવારોની મહિલાઓએ આ અન્યાય સામે સૌથી મોખરે રહીને અવાજ ઉઠાવ્યો હતો. આંદોલનકારી મહિલાઓએ ભારે હૃદયે અને રોષ સાથે જણાવ્યું હતું કે, "અમે કેટલાય દિવસોથી ભૂખ્યા-તરસ્યા ઉપવાસ પર બેઠા છીએ, છતાં સરકાર ખાનગી ઉદ્યોગપતિઓના હિત સાચવવામાં વ્યસ્ત છે. અદાણી તારા ઘર આગળ થાંભલો નાખ, અમારા ઊભા પાક અને જમીન બગાડી અમને હેરાન ન કર." પદયાત્રામાં જોડાયેલા ૧૦૦૦થી વધુ ખેડૂતોના "જય જવાન, જય કિસાન" અને "ખેડૂત એકતા જિંદાબાદ" ના નારાઓથી સમગ્ર મોરબી પંથક ગુંજી ઉઠ્યો હતો. જેતપર ગામે ખેડૂતોએ પોતાના હક માટે ૧૯ દિવસ સુધી આકરા આમરણાંત ઉપવાસ કર્યા હતા.

## ખેડૂતોએ સરકાર પાસે શું માંગણી કરી



**વિકલ્પ:૧ (ટાવર બેઝ અને કોરિડોર વળતરમાં સુધારો)**

ટાવર બેઝ : વર્તમાન ૨૦૦ ટકાની જગ્યાએ ૪૦૦% વળતર આપવામાં આવે.
કોરિડોર : ગ્રામીણ વિસ્તાર, નગરપાલિકા કે મહાનગરપાલિકા-આ ત્રણેય માટે એક સમાન રીતે ૨૬૦% વળતર નક્કી કરવામાં આવે.

**વિકલ્પ: ૨ (જમીન સંપાદન કાયદો ૨૦૧૩)**

વર્ષ ૨૦૧૩ના જમીન સંપાદનના કાયદા મુજબ, જમીનની બજાર કિંમતના ચાર ગણું વળતર થાંભલા અને તાર બંને માટે ચૂકવવામાં આવે.

**વિકલ્પ: ૩ (લાઈસન્સ રૂલ ૨૦૦૬ મુજબ ભાડું)**

લાઈસન્સ રૂલ્સ ૨૦૦૬ના આધારે, વીજ કંપની અને ખેડૂત બંને પરસ્પર સમજૂતી કરીને જમીનનું ભાડું નક્કી કરે.

### સામાન્ય રીતે ત્રણ વર્ષના ગાળામાં અધિકારીઓની બદલીઓ થતી હોય છે

# 5 વર્ષથી અટવાયેલી PSI DYSPની બદલીઓની ગૂંચવણીની ગાંઠ હવે ખૂલશે ?




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજ્યના પોલીસ વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી PSI (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) અને DySP (ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ) કક્ષાની મોટાપાયે બદલીઓ મુદ્દે ગંભીર ચર્ચાઓ ચાલી રહી છે. નિયમ મુજબ સામાન્ય રીતે ત્રણ વર્ષના ગાળામાં અધિકારીઓની બદલીઓ થતી હોય છે, જેથી વહીવટી પારદર્શિતા જળવાઈ રહે અને વિભાગમાં નવી ઊર્જા સાથે કામગીરી આગળ વધે. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં અનેક અધિકારીઓ પાંચ વર્ષથી વધુ સમયથી એક જ જિલ્લામાં ફરજ બજાવી રહ્યા હોવાનું સામે આવી રહ્યું છે.

તાજેતરમાં પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાની બદલીઓ અમલમાં મુકાતા PSI અને DySP વર્ગમાં પણ આશાનો કિરણ જોવા મળ્યો હતો. અધિકારીઓને લાગ્યું હતું કે હવે તેમની લાંબી રાહનો અંત આવશે, પરંતુ અત્યાર સુધી કોઈ મોટી બદલીઓની યાદી જાહેર કરવામાં આવી નથી. આ કારણે પોલીસ વર્તુળોમાં અસંતોષ અને બેચેની બંને વધતી જાય છે.બદલીઓ માત્ર એક વહીવટી પ્રક્રિયા પૂરતી મર્યાદિત નથી. તે અધિકારીઓના વ્યક્તિગત જીવન સાથે પણ ગાઢ રીતે જોડાયેલી છે. ખાસ કરીને પરિવાર અને સંતાનોના અભ્યાસ જેવા મુદ્દાઓ



બદલીઓ સાથે સીધા જોડાયેલા હોય છે. ઘણા અધિકારીઓ પોતાના બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને બદલીઓ માટે રાહ જોઈ રહ્યા છે.હાલમાં શૈક્ષણિક સત્ર શરૂ થઈ ચૂક્યું હોવાથી પરિસ્થિતિ વધુ જટિલ બની છે. જો આ સમયે બદલીઓ જાહેર થશે, તો અનેક અધિકારીઓને ફરજ અને




પરિવાર વચ્ચે મુશ્કેલ પસંદગી કરવી પડી શકે છે. કેટલાક અધિકારીઓને પરિવારથી દૂર રહીને ફરજ બજાવવી પડે તેવી સંભાવનાઓ ઊભી થઈ રહી છે, જે તેમની માનસિક સ્થિતિ પર પણ અસરકારક બની શકે છે.પોલીસ વિભાગમાં આંતરિક રીતે એક જ સવાલ ઉઠી રહ્યો છે. બદલીઓની આ લાંબી રાહનો અંત ક્યારે આવશે? ઘણા અધિકારીઓ માને છે કે સમયસર બદલીઓ ન થવાથી કાર્યક્ષમતામાં પણ ઘટાડો થઈ શકે છે. લાંબા સમય સુધી એક જ જગ્યાએ રહેતા અધિકારીઓ માટે નવું પ્રેરણા સ્તર જાળવી રાખવું પડકારજનક બની શકે છે.આ પરિસ્થિતિમાં સરકાર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે હવે સૌથી મોટો પડકાર છે. ઝડપથી અને પારદર્શક રીતે બદલીઓની પ્રક્રિયા પૂર્ણ કરવી. જો વહેલી તકે નિર્ણય લેવામાં નહીં આવે, તો પોલીસ વિભાગમાં વધતી બેચેની આગળ જઈને મોટા અસંતોષનું રૂપ લઈ શકે છે. હાલ માટે, સમગ્ર પોલીસ વર્તુળ એક જ જવાબની રાહ જોઈ રહ્યું છે. શું પાંચ વર્ષથી અટવાયેલી બદલીઓનો ગાંઠિયો હવે ખુલે છે કે નહીં?

## તંત્રી લેખ

### સ્કૂલોમાં સેક્સનું ભણતર : સુરક્ષિત અને સમજદાર પેઢી તરફનું પગલું

# સેક્સ એજ્યુકેશન સમયની માંગ વિરોધ સૌથો મોટો ખતરો !

- ગુડ ટચ–બેડ ટચ સમજાય; બાળકો સરળતાથી ખોટી હરકત ઓળખી શકે છે
- જાતીય શોષણથી બચાવ : ખત્તરનાક પરિસ્થિતિમાં 'ના' કહેવાની હિંમત આવે છે

દેશમાં સેક્સ એજ્યુકેશનને લઈને ફરી ચર્ચા તેજ બની છે, પરંતુ સવાલ એ છે કે આપણે હજી સુધી આ મુદ્દે એટલા સંકોચમાં કેમ છીએ? એક બાજુ જાતીય શોષણના કેસોમાં વધારો થઈ રહ્યો છે, કિશોરોમાં ગેરસમજ ફેલાઈ રહી છે, અને બીજી બાજુ આપણે "આ વિષય પર વાત ન કરવી" જેવી જૂની માન્યતાઓમાં જ ફસાયેલા છીએ.હકીકત એ છે કે સેક્સ એજ્યુકેશનનો વિરોધ ઘણી વખત અજ્ઞાનતા અને સંકોચમાંથી જન્મે છે. ઘણા લોકો આજે પણ માને છે કે આ શિક્ષણ બાળકોને ભટકાવશે. પરંતુ પ્રશ્ન એ છેશું આજના સમયમાં બાળકોને માહિતી નથી મળી રહી? ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા મારફતે તેઓ અર્ધસત્ય અને ખોટી માહિતી તો મેળવી જ રહ્યા છે. ત્યારે યોગ્ય માર્ગદર્શન ન આપવું એ વધુ ખતરનાક નથી?

જાતીય શોષણના વધતા બનાવો સ્પષ્ટ સંકેત આપે છે કે બાળકોને "ગુડ ટચબેડ ટચ" જેવી મૂળભૂત સમજ આપવી હવે વિકલ્પ નથી, ફરજ છે. જે સમાજ બાળકોને સુરક્ષિત રાખવા માંગે છે, તે સમાજ આ મુદ્દે મૌન રહી શકતો નથી. મૌન હવે સમસ્યા છે, ઉકેલ નહીં. કિશોરાવસ્થામાં થતા ફેરફારોને લઈને અજ્ઞાનતા ઘણીવાર ગભરાટ અને ખોટા નિર્ણયો તરફ દોરી જાય છે. અનિચ્છનીય ગર્ભાવસ્થા હોય કે માનસિક તણાવઆ બધાનું મૂળ કારણ યોગ્ય માહિતીનો અભાવ જ છે. સેક્સ એજ્યુકેશન આ અંધકારમાં પ્રકાશ સમાન છે, જેને આપણે પોતે જ અટકાવી રહ્યા છીએ.



● તંત્રી ●
**અનિરુદ્ધ નકુમ**

સમાજના કેટલાક વર્ગો આ મુદ્દાને સંસ્કૃતિ સાથે જોડીને વિરોધ કરે છે, પરંતુ સવાલ એ છે કે શું બાળકોની સુરક્ષા અને સ્વસ્થ વિકાસ કરતા મોટી કોઈ સંસ્કૃતિ હોઈ શકે? સંસ્કૃતિનું નામ લઈને આંખ મીંચી લેવી એ સમસ્યાને વધુ ગંભીર બનાવે છે.કિશોરાવસ્થામાં થતા શારીરિક અને માનસિક ફેરફારોને સમજવા માટે પણ આ શિક્ષણ ખૂબ જરૂરી છે. યોગ્ય માહિતીના અભાવે ઘણી વખત ગેરસમજ, ગભરાટ અને ખોટા નિર્ણયો લેવામાં આવે છે. સેક્સ એજ્યુકેશન આ ગેરસમજોને દૂર કરીને બાળકોમાં આત્મવિશ્વાસ અને જવાબદારીની ભાવના વિકસાવે છે.

તેમ છતાં, સમાજના એક વર્ગમાં આ વિષયને લઈને હજુ પણ સંકોચ છે. કેટલાક લોકો માને છે કે આ પ્રકારનું શિક્ષણ બાળકોને વહેલી ઉંમરે ભટકાવી શકે છે. પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે ઉંમરને અનુરૂપ અને સંવેદનશીલ રીતે આપવામાં આવેલ માહિતી બાળકોને ભટકાવતી નથી, પરંતુ તેમને વધુ સમજદાર અને સુરક્ષિત બનાવે છે.

આથી સ્પષ્ટ છે કે સેક્સ એજ્યુકેશન કોઈ વૈકલ્પિક વિષય નહીં, પરંતુ સમયની જરૂરિયાત છે. યોગ્ય રીતે અમલ કરવામાં આવે તો તે ભવિષ્યની પેઢીને વધુ જાગૃત, જવાબદાર અને સુરક્ષિત બનાવી શકે છે. હવે જરૂરી છે કે સમાજ સંકોચને છોડીને આ મુદ્દાને વ્યાવહારિક દૃષ્ટિકોણથી સ્વીકારે.

# હાઈકોર્ટની બે સગીર દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજૂરી

## સાબરકાંઠાની 16 વર્ષની સગીરાને 26 સપ્તાહનો અને કચ્છની 17 વર્ષીયને 16 સપ્તાહનો ગર્ભ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે એક સંવેદનશીલ ચુકાદો આપતાં સાબરકાંઠા અને કચ્છની બે દુષ્કર્મ પીડિત સગીરાઓને ગર્ભપાતની મંજૂરી આપી દીધી છે. કોર્ટે સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાઓ અને પીડિત સગીરાઓના શારીરિક તથા માનસિક હિતને ધ્યાનમાં રાખીને આ મહત્વનો આદેશ કર્યો છે. આ પ્રક્રિયા માટે નિષ્ણાત ડૉક્ટરોની વિશેષ પેનલની રચના કરવામાં આવશે અને કાનૂની તપાસના ભાગરૂપે ગર્ભના ડીએનએ સેમ્પલ પણ સાચવવામાં આવશે.પ્રથમ કેસમાં સાબરકાંઠાના હિંમતનગર B ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે ૧૬ વર્ષની સગીર પીડિતાના ગર્ભપાત માટે કોર્ટમાં દાદ માંગવામાં આવી હતી. મેડિકલ રિપોર્ટ અનુસાર, સગીરાને ૨૬ અઠવાડિયા અને ૦૩ દિવસનો ગર્ભ હતો. કોર્ટે પીડિતાની માનસિક સ્થિતિને ધ્યાને રાખી હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સિનિયર ડૉક્ટરોની દેખરેખ હેઠળ ગર્ભપાતની પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ આપ્યો છે.બીજા કેસમાં કચ્છની ૧૭ વર્ષની સગીરા સામેલ છે, જેને ૧૬ સપ્તાહનો ગર્ભ છે અને આ અંગે ગાંધીધામના A ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયેલો છે. આ સગીરા એનિમિયા (લોહીની ઉણપ)ની




બીમારીથી પીડિત હોવા છતાં, કોર્ટે તમામ તબીબી પાસાં ચકાસીને ગાંધીધામ જનરલ હોસ્પિટલમાં ગર્ભપાતની મંજૂરી આપી છે. જોકે, બંને કેસમાં પીડિતા અને તેમના પરિવારે પોતાના જોખમે સર્જરી કરાવવા માટે યોગ્ય બાંહેધરી પત્ર આપવાનું રહેશે.હાઈકોર્ટે ચુકાદામાં સ્પષ્ટતા કરી છે કે, જો ગર્ભપાતની પ્રક્રિયા દરમિયાન બાળક જીવિત જન્મે, તો હોસ્પિટલે તેને તમામ શ્રેષ્ઠ તબીબી સારવાર આપવાની રહેશે. જો પીડિતા કે તેનો પરિવાર આ બાળકની જવાબદારી લેવા તૈયાર ન થાય, તો રાજ્ય સરકાર અને તેની સંબંધિત એજન્સીઓએ જુવેનાઇલ જસ્ટિસ એક્ટ હેઠળ બાળકની સંપૂર્ણ જવાબદારી સંભાળવી પડશે. આ ઉપરાંત ભવિષ્યની કાનૂની તપાસ અને પુરાવા માટે ડૉક્ટરોએ ગર્ભમાંથી વૈજ્ઞાનિક પદ્ધતિથી DNA ટિશ્યુ સેમ્પલ મેળવીને તપાસ અધિકારીને સોંપવાના રહેશે.

### આખરે અંબાલાલ પટેલ માની ગયા...

# ખેડૂતોના હિતમાં આગાહી કરવાનું શરૂ રહેશેઃ અંબાલાલ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**



રાજ્યના જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે હવામાનની આગાહી બંધ કરવાની જાહેરાત બાદ સર્જાયેલા વિવાદ વચ્ચે હવે મોટો યુ-ટર્ન લીધો છે. અંબાલાલ પટેલે સ્પષ્ટ કર્યું છે કે કાયદાકીય નિષ્ણાતોનો અભિપ્રાય મેળવ્યા બાદ હવે તેઓ ફરીથી હવામાનની આગાહી કરશે. તેમણે જણાવ્યું કે ખેડૂતો અને સામાન્ય લોકોના હિતને ધ્યાનમાં રાખીને તેઓ અગાઉની જેમ જ આગાહી આપતા રહેશે.બીજી તરફ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પણ અંબાલાલ પટેલના સમર્થનમાં ખુલ્લેઆમ નિવેદન આપતા દાવો કર્યો છે કે તેમને માનસિક રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો.અંબાલાલ પટેલે જણાવ્યું કે હવે કાયદાકીય ગૂંચ દૂર થઈ ગઈ છે અને કાયદાના નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા બાદ તેમણે ફરીથી હવામાનની આગાહી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે તેઓ ખેડૂતો સહિત સમાજના હિત માટે વર્ષોથી આગાહી કરતા આવ્યા છે અને હવે પણ આ સેવા યથાવત રાખશે.

### શબ્દોથી સમાજને જોડનાર, પ્રેરણા, પ્રતિષ્ઠા અને પારિવારિકતાનું પ્રતિબિંબ 'કિરીટ કાકા'

# સંબંધોનું વૃક્ષ ઉછેરનાર એટલે અકિલાના કિરીટભાઈ ગણાત્રા



## જન્મદિવસની શુભેચ્છાઓ તમે હંમેશા પ્રેરણાના પ્રકાશપુંજ બનીને સમાજને માર્ગદર્શન આપતા રહો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના અખબારી જગતમાં જો કોઈ એક નામ પ્રભાવ, વિશ્વાસ અને અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિક બની ઊભર્યું હોય તો તે છે અકિલા અખબારના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા. અખબારી જગતમાં તેમને "ભીષ્મ પિતામહ" તરીકે ઓળખવામાં આવે છે એક એવું વ્યક્તિત્વ, જેણે વર્ષોથી સત્ય, નિષ્ઠા અને નિર્ભીક પત્રકારિતાનો ધ્વજ ઊંચો રાખ્યો છે.

કિરીટભાઈ ગણાત્રાનું વ્યક્તિત્વ માત્ર એક સફળ સંચાલક પૂરતું સીમિત નથી, પરંતુ તેઓ એક માર્ગદર્શક અને સૌહાર્દપૂર્ણ સ્વભાવના માનવી છે. તેમની આગેવાનીમાં અકિલા અખબારે લોકવિશ્વાસનો એક અનોખો ધોરણ સ્થાપ્યો છે, જ્યાં સમાચાર માત્ર પ્રસિદ્ધ થતા નથી, પરંતુ સમાજને દિશા આપતા બને છે.

રાજકીય નેતાઓ હોય કે ધાર્મિક સંસ્થાઓના વડાઓ, ઉદ્યોગપતિઓ હોય કે સામાન્ય નાગરિક બધા સાથે કિરીટભાઈનો સંબંધ એક પારિવારિક ઉષ્મા અને સન્માનથી ભરેલો રહ્યો છે. તેમની સહજતા, વિનમ્રતા અને લોકો સાથે જોડાવાની અનોખી ક્ષમતા તેમને સર્વસ્વીકાર્ય બનાવે છે.

તેમણે પત્રકારિતાને માત્ર વ્યવસાય તરીકે નહીં, પરંતુ સમાજસેવાના સાધન તરીકે અપનાવી છે. અનેક પ્રસંગોએ તેમણે નિર્ભયતાથી સત્યને અવાજ આપ્યો છે અને સમાજના હિત માટે અડગ રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ અનેક યુવા પત્રકારોને પણ પ્રેરણા અને દિશા મળી છે.

આ પાવન અવસરે અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે કિરીટભાઈ ગણાત્રાને દીર્ઘાયુષ્ય, ઉત્તમ આરોગ્ય અને સતત પ્રગતિ પ્રાપ્ત થાય. તેઓ આવનારા સમયમાં પણ અખબારી જગતને નવી ઊંચાઈઓ પર લઈ જાય અને સમાજને સત્યનો માર્ગ બતાવતા રહે એવી હાર્દિક શુભેચ્છાઓ.

જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ, કિરીટભાઈ !

તમે હંમેશા પ્રેરણાના પ્રકાશપુંજ બનીને સમાજને માર્ગદર્શન આપતા રહો.

## ચિંતા વધીઃ કોકરોચ જનતા પાર્ટીએ કહ્યું, સરકારને ચિંતા નથી

# વાંગચુકની 17 દિવસથી ભુખ હડતાળ છતાં સરકાર મૌન




## જંતર-મંતર પર ભુખ હડતાળથી 8.2 કિલો વજન ઘટી ગયું

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીના જંતર-મંતર પર સોનમ વાંગચુકની ભૂખ હડતાળનો આજે ૧૭મો દિવસ છે. તેમની તબિયત સતત બગડી રહી છે. તેમનું ૮.૨ કિલો વજન ઘટી ગયું છે. સપા ચીફ અખિલેશ યાદવ, શિવસેના (UBT) અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે, ટીએમસી નેતા મહુઆ મોઈત્રાએ સોનમને ભૂખ હડતાળ સમેટી લેવાની માંગ કરી છે. જ્યારે અભિનેતા નસીરુદ્દીન શાહ, રત્ના પાઠક શાહ, લેખિકા અરુંધતિ રોય સહિત અનેક અગ્રણી હસ્તીઓએ પણ આંદોલનની માંગણીઓને સમર્થન આપતા વાંગચુક અને અન્ય પ્રદર્શનકારીઓને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ભૂખ હડતાળ સમેટી લેવાની અપીલ કરી છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) પરીક્ષાઓમાં ગોટાળાના આરોપો અને NEET પેપર લીક થયા બાદ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહી છે. આ પ્રદર્શનમાં સોશિયલ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક પણ સામેલ છે. વાંગચુક ૨૮ જૂનથી ભૂખ હડતાળ કરી રહ્યા છે.

### અખિલેશ યાદવ

જે ભાજપ સરકારને તેઓ પોતાના આમરણાંત ઉપવાસથી જગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, તે સિદ્ધાંતવિહીન અને ભ્રષ્ટ વ્યવસ્થા બની ગઈ છે. આટલી અસંવેદનશીલ અને નિર્મમ સરકાર માટે કોઈનો પણ બલિદાન મહત્વ રાખતું નથી. આવા લોકો પાસેથી સંવેદનશીલતા કે હૃદય પરિવર્તનની અપેક્ષા રાખવી સંપૂર્ણપણે વ્યર્થ છે.

### અરવિંદ કેજરીવાલ

હું ૧૬ જુલાઈ સાંજે ૫ વાગ્યે જંતર-મંતર જઈને સોનમ વાંગચુક અને CJP ના પ્રદર્શનકારીઓ સાથે મુલાકાત કરીશ અને મારું સમર્થન આપીશ.

### અભિજીત દીપક

તેમના સ્નાયુઓ નબળા પડવા લાગ્યા છે અને તેમને ખૂબ દુખાવો થઈ રહ્યો છે. બાકી બધાની જેમ, મેં પણ તેમને પોતાના ઉપવાસ સમાપ્ત કરવાની વિનંતી કરી. તેમણે શાંતિથી જવાબ આપ્યો- મને ઉપવાસ સમાપ્ત કરવા માટે ન કહો. સરકારને પૂછો કે તેઓ વાતચીત કેમ નથી કરી રહ્યા.

### મહુઆ મોઈત્રા

સોનમ સર, તમારા ઉપવાસે આ દેશના યુવાનોને ન્યાયની લડાઈમાં એકજૂટ કર્યા છે. તમારું લક્ષ્ય પૂરું થઈ ગયું છે. સરકારને તમારા કે કરોડો યુવાનોના જીવનની કદર નથી. પરંતુ તમારું જીવન અમારા માટે મહત્વ રાખે છે. ઉપવાસ સમેટી લો અને લડાઈ ચાલુ રાખો.


### ઉદ્ધવ ઠાકરે

અમે, શિવસેના તરફથી, સોનમ વાંગચુક અને અભિજીત દીપકેના આંદોલનને અમારો ટેકો આપીએ છીએ. દીપકે સાથે ફોન પર વાત કરીને સોનમ વાંગચુકને ભૂખ હડતાળ સમાપ્ત કરવા માટે દિલથી અપીલ કરી.

### ઝીનત અમાન

વાંગચુક એક પ્રતિભાશાળી અને સમર્પિત વ્યક્તિ છે, જેમને સમાજ પર તેમની અસર માટે વિશ્વભરમાં ઘણા જાણીતા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. હું ભારત સરકારને આ મુદ્દે વાતચીત શરૂ કરવા અપીલ કરું છું. આપણે એવો સમાજ ન બનવો જોઈએ, જે ચૂપચાપ બેસીને પોતાના શ્રેષ્ઠ દિમાગમાંથી એકને બલિદાન થતા જોતો રહે.

# મુંબઈમાં કૂલ લુકમાં સ્પોટ થઈ હિરોઈન


બાંદ્રા વિસ્તારમાં સુષ્મિતા સેન


જુહૂમાં શિલ્પા શેટ્ટી


અંધેરી રિદ્ધિ ડોગરા


મુંબઈ એરપોર્ટ પરિણીતી ચોપરા

## 3 ઈડિયટસના ‘ચતુર’ સોનમ વાંગચૂકના સમર્થનમાં આવ્યા





લદ્દાખના એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની ભૂખ હડતાળનો આજે એટલે કે ૧૪ જુલાઈના રોજ ૧૭મો દિવસ છે. NEET પેપર લીક મુદ્દે કોકરોચ જનતા પાર્ટી જંતર-મંતર પર ૨૦ જૂનથી પ્રદર્શન કરી રહી છે. આમાં વાંગચુક પણ અનશન પર બેઠા છે. વાંગચુકની હડતાળને લઈને બોલિવૂડના લોકો તેમના સમર્થનમાં આવ્યા છે. ’3 ઈડિયટ્સ’માં ચતુર રામલિંગમનું પાત્ર ભજવી ચૂકેલા ઓમી વૈદ્યે કહ્યું, ’હું નથી ઈચ્છતો કે આ વ્યક્તિ મરી જાય. મારા માટે તે એક પ્રેરણાદાયક વ્યક્તિ છે. હું ઈચ્છું છું કે તે સુરક્ષિત રહે અને જીવતા રહે. એક્ટ્રેસ ઝીનત અમાને એક પોસ્ટમાં લખ્યું કે હું વાંગચુકની માંગણીઓનું સન્માન કરું છું. મારી ભારત સરકારને અપીલ છે કે આ મુદ્દે તેમની સાથે વાતચીત કરે. આ ભારત ભવિષ્ય સાથે જોડાયેલું છે. વાંગચુકને તડકાથી બચાવવા માટે કામચલાઉ તાલપત્રી લગાવવામાં આવી હતી.

**એક્ટરે કહ્યું હું નથી ઈચ્છતો કે ફૂનસુક વાંગડું મરી જાય**

## આનંદીબેન પટેલની વાતને કંગનાનું સમર્થન

### આનંદીબેહેને કહ્યું હતું ભોજન કરાવવું અને સંભાળ રાખવી મહિલાઓનો સ્વભાવ છે



એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌતે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના તે નિવેદનનું સમર્થન કર્યું છે, જેમાં તેમણે મહિલાઓને રસોઈ શીખવાની સલાહ આપી હતી. આનંદીબેને કહ્યું હતું કે, ’મહિલાઓ ભલે શિક્ષક બને કે IAS ઓફિસર, તેમને પોતાના પરિવાર માટે ભોજન બનાવતા આવડવું જોઈએ. આના પર કંગનાએ પોતાના બાળપણનું ઉદાહરણ આપતા કહ્યું કે, ’ભોજન કરાવવું અને સંભાળ રાખવી એ મહિલાઓનો સાચો સ્વભાવ છે.’ રાજ્યપાલના આ નિવેદનનું સમર્થન કર્યા પછી કંગના રનૌતને સોશિયલ મીડિયા પર ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે.

**બાળપણમાં ચૂલો બનાવીને રમતી હતી કંગના**

કંગના રનૌતે સોશિયલ મીડિયા X (અગાઉ ટ્વિટર) પર તેની જૂની યાદો શેર કરી છે. તેણે લખ્યું કે, ’જ્યારે અમે નાના હતા, ત્યારે મારો ભાઈ ફૂટબોલ અને ક્રિકેટ રમતો હતો. પણ હું ખૂબ ધ્યાનથી ઢીંગલીઓના ઘર બનાવતી હતી, તેમના કપડાં સીવતી હતી અને તેમના માટે ભોજન બનાવતી હતી. આ જોઈને ઘરના બધા લોકો ખુશ થતા હતા.

## ટીવી અભિનેત્રીનો ખૂલાસો

# મને કોઈ શારીરિક સંબંધની ઈચ્છા નથી: આકાંક્ષા ચામોલા



**સિટી ન્યૂઝ@મુંબઈ**

ટીવી અભિનેતા ગૌરવ ખન્ના અને તેમની પત્ની આકાંક્ષા ચમોલાના સંબંધો છેલ્લા કેટલાક સમયથી સતત ચર્ચામાં છે. રિયાલિટી શો 'લોક અપ: સચ યા સજા'માં આકાંક્ષાએ પોતાના છૂટાછેડાની જાહેરાત કર્યા બાદ તેઓ પોતાના અંગત જીવનને લઈને સતત નવા ખુલાસા કરી રહ્યા છે. થોડા સમય પહેલાં તેમણે કહ્યું હતું કે તેઓ ફરી લગ્ન નહીં કરે, જ્યારે હવે તેમણે પોતાની સેક્સ્યુઅલિટી વિશે એવું નિવેદન આપ્યું છે, જેના કારણે સૌનું ધ્યાન તેમની તરફ ગયું છે.

શો દરમિયાન આકાંક્ષાએ પોતાના સહ-સ્પર્ધક સાથે વાતચીત દરમિયાન પોતાના મનની સ્થિતિ વિશે ખુલાસો કર્યો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ભવિષ્યમાં ફરી લગ્ન કરવા વિશે વિચારશે કે પછી આખી જિંદગી સિંગલ રહેશે, ત્યારે તેમણે કહ્યું કે હવે તેમના મનમાં એક ડર બેસી ગયો છે.

આગળ વાતચીત દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે શું સમયની સાથે કોઈ વ્યક્તિની સેક્સ્યુઅલિટી પણ બદલાઈ શકે? તેના જવાબમાં આકાંક્ષાએ કહ્યું કે, 'હા, વ્યક્તિની સેક્સ્યુઅલિટી બદલાઈ શકે છે. તે આ વાત પર નિર્ભર કરે છે કે જીવનના કયા તબક્કામાંથી તમે પસાર થઈ રહ્યા છો.

'હાલમાં મને કોઈપણ પ્રકારના શારીરિક સંબંધની ઈચ્છા નથી' પોતાની વાતને વધુ સ્પષ્ટ કરતાં આકાંક્ષાએ જણાવ્યું કે હાલ તેઓ છૂટાછેડાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે અને આ સમયે તેમને કોઈપણ વ્યક્તિ સાથે શારીરિક સંબંધ રાખવાની ઈચ્છા નથી.

તેમણે કહ્યું, 'મને હાલમાં ન તો કોઈ મહિલા સાથે અને ન કોઈ પુરુષ સાથે આવા પ્રકારનો સંબંધ રાખવો છે. હું જીવનના એક અલગ જ તબક્કામાંથી પસાર થઈ રહી છું અને હું પોતાને હાલમાં 'એસેક્સ્યુઅલ' અનુભવું છું.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું પાર્ટનર ન હોવાને કારણે વ્યક્તિ એસેક્સ્યુઅલ બની જાય છે, ત્યારે આકાંક્ષાએ સ્પષ્ટ કર્યું કે તેમના માટે તેનો અર્થ એ છે કે હાલમાં તેમના મનમાં શારીરિક સંબંધ બનાવવાની કોઈ ઈચ્છા જ રહી નથી.

ઉલ્લેખનીય છે કે આકાંક્ષા ચમોલાએ 'લોક અપ: સચ યા સજા'ના પ્રીમિયર એપિસોડમાં જ ખુલાસો કર્યો હતો કે તેઓ અને ગૌરવ ખન્ના પરસ્પર સહમતિથી છૂટાછેડા લઈ રહ્યા છે. બંને લગભગ એક વર્ષથી અલગ રહેતા હતા.

તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે બંને વચ્ચે કોઈ કડવાશ કે નફરત નથી. બંનેએ માત્ર એટલા માટે અલગ થવાનો નિર્ણય લીધો કે તેઓને લાગ્યું કે તેઓ એકબીજા માટે યોગ્ય જીવનસાથી નથી અને ભવિષ્યને લઈને બંનેની વિચારસરણી અલગ છે.



AI IMAGE

# લગ્નના બે વર્ષ પછી પણ પતિ શારીરિક સબંધ નહીં બાંધતા પત્નિએ પોલીસ ફરિયાદ નોંધાવી

## પતિને પત્ની ચેકઅપ માટે હોસ્પિટલ લઈ ગઈ તો પતિએ ચેકઅપની ના પાડી દીધી

**સિટી ન્યૂઝ@ગોરખપુર**

ગોરખનાથ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી 30 વર્ષીય મહિલાએ તેના પતિ અને સાસરિયાઓ પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. મહિલાના જણાવ્યા મુજબ, તેના પતિએ લગ્ન પછી ક્યારેય તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા નથી. દરેક વખતે, તે ચાલુ દવાનું કારણ આપીને મામલો મુલતવી રાખતો રહ્યો. શંકાસ્પદ થતાં, તે તેના પતિને ખાનગી હોસ્પિટલમાં લઈ ગઈ. જોકે, જ્યારે ડૉક્ટરે પરીક્ષણ માટે શુક્રાણુના નમૂના માંગ્યા ત્યારે તેણે સ્પષ્ટપણે ના પાડી દીધી.

મહિલાના જણાવ્યા મુજબ, જ્યારે તેણીએ તેના પતિ પાસેથી સારવાર માટે માંગણી કરી, ત્યારે આખા પરિવારે ૫00,000 ની માંગણી કરી અને તેણીને પૈસા લાવવા કહ્યું, જેનાથી તેણીની સારવારનો ખર્ચ થશે. જો તેણીએ પૈસા નહીં આપ્યા, તો તેણીને ઘરમાં પ્રવેશવાની મંજૂરી નહીં મળે.

આનાથી દુખી થઈને, મહિલાએ ૧૨ જુલાઈના રોજ સાંજે ગોરખનાથ પોલીસ સ્ટેશનમાં તેના સાસરિયાઓ વિરુદ્ધ દહેજ ઉત્પીડન અને માનસિક ત્રાસ સહિત અનેક કલમો હેઠળ ફરિયાદ નોંધાવી. આ દંપતીના લગ્ન, જેનો ખર્ચ આશરે ૧૫ લાખ રુપિયા થયો હતો, ૧૯ નવેમ્બર, ૨૦૨૧ ના રોજ લખનૌમાં લખનૌ મેટ્રોપોલિટન વિસ્તારમાં રહેતા એક પુરુષ સાથે થયા હતા. તેમના લગ્નના પહેલા દિવસથી જ, મહિલાની ઉપેક્ષા અને હેરાનગતિ કરવામાં આવી હતી. તેણીને જરૂરી વસ્તુઓ પણ આપવામાં આવી ન હતી.

મહિલાના જણાવ્યા મુજબ, લગ્ન પછી, જ્યારે તેણી તેના પતિને પૂછતી કે તે શા માટે અંતર રાખે છે, ત્યારે તે કહેતો કે તે દવા લઈ રહ્યો છે અને કોર્સ પૂર્ણ થયા પછી બધું ઠીક થઈ જશે. તેઓએ બે વર્ષ આ રીતે સાથે વિતાવ્યા, પરંતુ તેમનો ક્યારેય પતિ-પત્ની જેવો સંબંધ રહ્યો નહીં.



# હવે ભગવાન પણ સુરક્ષિત નથી!



## બદ્રીનાથ દાન ચોરીના મુખ્ય આરોપીની ધરપકડ

### પોલીસે કહ્યું : 500ની નોટો સોના-ચાંદીના સિક્કા મોબાઈલ નીચે છૂપાવીને લઈ જતો હતો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

બદ્રીનાથ ધામમાં દાન ચોરીના કેસમાં ચમોલી પોલીસની SITએ બદ્રી-કેદાર મંદિર સમિતિના સસ્પેન્ડેડ પર્સનલ આસિસ્ટન્ટ પ્રમોદ નૌટિયાલની ધરપકડ કરી છે. SITએ તેમને ૧૨ જુલાઈની રાત્રે લગભગ ૧૦ વાગ્યે દેહરાદૂનના નેહરુ કોલોની સ્થિત તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરી. તેમને ચમોલી લાવવામાં આવ્યા, જ્યાં બદ્રીનાથ પોલીસ સ્ટેશનમાં તેમની અને મંદિર સમિતિના ચાર કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રો અનુસાર, SITની ટીમ સાદા કપડામાં દેહરાદૂન પહોંચી હતી. બદ્રીનાથ પોલીસ સ્ટેશનમાં પૂછપરછ દરમિયાન જ્યારે પ્રમોદ નૌટિયાલને પૂછવામાં આવ્યું કે શું દાન ચોરીના કેસમાં મંદિર સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદી પણ સામેલ છે, તો તેમણે માથું હલાવીને નામાં જવાબ આપ્યો. ચમોલી પોલીસ અનુસાર, ૮ જુલાઈએ પ્રભારી મંદિર અધિકારી યુદ્ધવીર પુષ્પવાણની ફરિયાદ પર બદ્રીનાથમાં કેસ નોંધવામાં આવ્યો હતો. SP સુરજીત સિંહ પંવારના નિર્દેશ પર ગઠિત SITએ સીસીટીવી ફૂટેજ, સાક્ષીઓના નિવેદનો અને અન્ય પુરાવાઓની તપાસ કરી. તપાસમાં પ્રમોદ નૌટિયાલને ઘણી વખત મોબાઈલની નીચે અને ખિસ્સામાં મંદિરની ધનરાશિ અને અન્ય ભેટ સામગ્રી લઈ જતા જોવા મળ્યા. પોલીસના જણાવ્યા અનુસાર, તેમણે ૫૦૦ની નોટો, સોના-ચાંદીના સિક્કાના પેકેટ, શાલિગ્રામ શિલા અને કેસરનું પેકેટ પણ ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં લીધું હતું. આ મામલે ૧૦ જુલાઈએ હાઈકોર્ટના જસ્ટિસ આલોક મેહરાની સિંગલ બેન્ચે પ્રમોદ નૌટિયાલની અરજી પર સુનાવણી કરી હતી. સાથે જ મંદિર સમિતિને ચઢાવા મામલે ૧૬ જુલાઈએ સ્થિતિ સ્પષ્ટ કરતા જવાબ દાખલ કરવા જણાવ્યું હતું. પ્રમોદ નૌટિયાલને સાદા કપડામાં આવેલા પોલીસકર્મીઓ પોતાની સાથે લઈ ગયા હતા. ઘણી વાર સુધી તેઓ ઘરે પાછા ન ફરતા, પરિવારે દેહરાદૂનની નેહરુ કોલોની બાયપાસ ચોકીમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદમાં પરિવારના સભ્ય હેમલતા નૌટિયાલે જણાવ્યું કે કેટલાક લોકો પૂછપરછના બહાને તેમને પોતાની સાથે લઈ ગયા હતા અને ઘણી વાર સુધી કોઈ માહિતી મળી ન હતી. પરિવારે શરૂઆતમાં અપહરણની આશંકા પણ વ્યક્ત કરી હતી. પરિવારજનોનું કહેવું હતું કે પ્રમોદે નૈનીતાલ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી.

## વૈષ્ણોદેવી માતાના નામે મહાઠગાઈ : 500 કરોડની નકલી ચાંદી ચઢાવવામાં આવી

### આસ્થાની સાથે ખેલ; 90 ટકા ચાંદી કેડમિયમ અને આર્યન જેવી ધાતુથી બનાવેલી નીકળી



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જમ્મુની એક કોર્ટે માતા વૈષ્ણો દેવીના મંદિરમાં ૫૫૦ કરોડ રૂપિયાની નકલી ચાંદીના કેસમાં પોલીસને રેકોર્ડ રજૂ કરવાનો આદેશ આપ્યો છે.કોર્ટે ૨૯ જુલાઈના રોજ આગામી સુનાવણી દરમિયાન તપાસ અધિકારીને રૂબરૂ હાજર રહેવાનો આદેશ આપ્યો છે. એ નોંધવું જોઈએ કે માતા વૈષ્ણો દેવીના મંદિરમાં ભક્તો દ્વારા ૨૦ ટનથી વધુ ચાંદી ચઢાવવામાં આવી હતી. તેની બજાર કિંમત લગભગ ૫૫૦ કરોડ રૂપિયા છે. જ્યારે બોર્ડે ચાંદીને પીગળવા માટે મોકલી, ત્યારે તેમાંથી માત્ર પાંચથી છ ટકા ચાંદી મળી આવી. બાકીની ચાંદી કેડમિયમ અને આયર્ન જેવી તત્વોથી બનેલી હોવાનું બહાર આવ્યું હતું, જેનો અર્થ થાય છે કે મોટાભાગની ચાંદી નકલી હતી. આ ઘટના બાદ, જમ્મુ સ્થિત એડવોકેટ દીપક શર્માએ પોલીસ મહાનિરીક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) અને જમ્મુના આર્થિક ગુના શાખાના એસએસપીને વિગતવાર ફરિયાદ રજૂ કરી હતી, જેમાં ફરિયાદ નોંધવાની અને તપાસની માંગણી કરવામાં આવી હતી. દીપક શર્માને શંકા હતી કે માતા દેવીના મંદિરમાં ભક્તો દ્વારા ચઢાવવામાં આવતી ચાંદીમાં ભેળસેળ કરવામાં આવી હતી અથવા તેની આપ-લે કરવામાં આવી હતી. છેડછાડની આશંકા હોવાથી, તેમણે સંપૂર્ણ તપાસની માંગણી કરી. જ્યારે પોલીસ તપાસ આગળ વધવામાં નિષ્ફળ ગઈ, ત્યારે તેમણે કોર્ટનો સંપર્ક કર્યો, ફરિયાદ દાખલ કરી અને તપાસની માંગણી કરી.

કોર્ટના નિર્દેશો પર, ક્રાઈમ બ્રાન્ચે સ્ટેટસ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ક્રાઈમ હેડક્વાર્ટર, શ્રીનગરની મંજૂરી પછી, રિપોર્ટ ઝોનલ પોલીસ હેડક્વાર્ટર, જમ્મુને મોકલવામાં આવ્યો હતો. અરજદારે આનો વિરોધ કર્યો હતો, દલીલ કરી હતી કે આર્થિક ગુના શાખા જમ્મુમાં એક અલગ પોલીસ સ્ટેશન છે અને ફરિયાદ પર કાર્યવાહી કરવી જોઈતી હતી. તેમણે જણાવ્યું હતું કે રિપોર્ટમાં મહત્વપૂર્ણ પુરાવા સાચવવા માટે લેવામાં આવેલા કોઈપણ પગલાંનો ઉલ્લેખ નથી. આ પછી, જમ્મુના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટે તપાસ અધિકારીને ૨૯ જુલાઈએ સંપૂર્ણ રેકોર્ડ સાથે કોર્ટમાં રૂબરૂ હાજર રહેવાનો આદેશ આપ્યો.

## RTI માં મોટો ખૂલાસો

# ટ્રેનમાંથી મુસાફરો 104 કરોડના તકિયા, ચાદર, ધાબડા ચોરી ગયા



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ભારતીય રેલવેના એસી કોચમાં મુસાફરોને આપવામાં આવતા બેડરોલની ચોરી રેલવે તંત્ર માટે ગંભીર સમસ્યા બની છે. આરટીઆઈ દ્વારા જાહેર થયેલા આંકડા મુજબ છેલ્લા ચાર વર્ષમાં દેશમાં ૧.૨૭ કરોડથી વધુ ચાદર, ટુવાલ, ધાબળા અને ઓશીકા ગાયબ થયા છે, જેના કારણે રેલવેને ૧૦૪ કરોડથી વધુનું આર્થિક નુકસાન થયું છે.

અમદાવાદ રેલવે ડિવિઝનમાં પણ આ સમસ્યા ચિંતાજનક બની છે. છેલ્લા ચાર વર્ષમાં અહીં ૬.૯૪ લાખથી વધુ લિનનની સામગ્રી ચોરાઈ છે. તેમાં ૩.૨૨ લાખથી વધુ ફેસ ટુવાલનો સમાવેશ થાય છે. સરેરાશ દરરોજ ૪૦૦થી વધુ ચાદર અને અન્ય લિનનની સામગ્રી ગાયબ થઈ રહી છે. બેડરોલની સૌથી વધુ ચોરી થતા ડિવિઝનોમાં અમદાવાદ દેશભરમાં ચોથા ક્રમે છે.

આંકડાઓ મુજબ વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ દરમિયાન બેડરોલ ચોરીની ઘટનાઓમાં ૫૬ ટકા વધારો નોંધાયો છે. ભારતીય રેલવેના એસી કોચમાં દરરોજ આશરે ૮ લાખ મુસાફરો મુસાફરી કરે છે. મુસાફરોને બે બેડશીટ, એક ધાબળો, એક ઓશીકું, ઓશીકાનું કવર અને એક ફેસ ટુવાલ આપવામાં આવે છે. જોકે દર ૧,૦૦૦ મુસાફરોમાંથી સરેરાશ એક મુસાફર બેડરોલની કોઈને કોઈ વસ્તુ પોતાની સાથે લઈ જાય છે.

રેલવે તંત્ર દ્વારા આ ચોરીઓને અંકુશમાં લેવા માટે ખાનગી એજન્સીઓની મદદ લેવામાં આવે છે. ચોરી થયેલી સામગ્રીની ભરપાઈ કરવા માટે તે સામગ્રીની રકમ સંબંધિત એટેન્ડન્ટના પગારમાંથી વસૂલવામાં આવે છે. આ પ્રક્રિયા રેલવે કર્મચારીઓ અને એજન્સીઓ માટે પણ એક મોટો પડકાર બની ગઈ છે.

### ચોરીમાં દેશના કયા રેલવે ડિવિઝન મોખરે છે?

દેશના કુલ ૭ ઝોનના ૧૦ ચોક્કસ ડિવિઝન એવા છે, જ્યાં આખી ભારતીય રેલવેની કુલ ચોરીના ૬૭ ટકા ગુના બને છે. આ યાદીમાં મુસાફરો દ્વારા નાનો અને છુપાવવામાં સૌથી સરળ એવો 'ફેસ રૂમાલ' (મોઢું લૂછવાનો નાનો રૂમાલ) ચોરી જવાની પ્રવૃત્તિ ટોચ પર છે. છેલ્લા ૪ વર્ષમાં ૪૬.૫૪ લાખ રૂમાલ ચોરાયા છે. આ સિવાય ચોરાયેલી વસ્તુઓની સત્તાવાર યાદી..

- બેડશીટ (સફેદ ચાદર): **41.43** લાખ નંગ
- તકિયાના કવર (પિલો કેસ): **23.59** લાખ નંગ
- પિલો (નાના તકિયા): **2.76** લાખ નંગ
- બ્લેન્કેટ (ઊનના ધાબળા): **12.95** લાખ નંગ



## કલકત્તા હાઈકોર્ટે કહ્યું...

# ટી.ટી. શાકભાજીની જેમ ટ્રેનમાં ખાલી બર્થ વેચે છે

**સિટી ન્યૂઝ@કલકત્તા**

કલકત્તા હાઈકોર્ટે ટ્રેનમાં પૈસા લઈને ખાલી બર્થ આપનારા TTE પર સખત ટિપ્પણી કરી છે. કોર્ટે સોમવારે કહ્યું કે TTE ખાલી બર્થ એવી રીતે વેચે છે, જેમ બજારમાં શાકભાજી વેચાય છે. આ જ કારણોસર ટ્રેનોમાં નશીલો પદાર્થ ખવડાવીને લૂંટની ઘટનાઓ બને છે.

જસ્ટિસ રાજશેખર મંથા અને જસ્ટિસ બિસ્વરૂપ ચૌધરીની બેન્ચ ૨૦૦૯માં તીસ્તા-તોરસા એક્સપ્રેસમાં થયેલી લૂંટ અને મોત કેસમાં બે દોષિતોની અપીલ પર સુનાવણી કરી રહી હતી. આ દરમિયાન કોર્ટે આ ટિપ્પણી કરી.

બેન્ચે કહ્યું કે પૈસા લઈને જનરલ ટિકિટવાળા મુસાફરોને ખાલી બર્થ આપવાથી ગુનેગારોને ટ્રેનોમાં મુસાફરો સુધી પહોંચવાની તક મળી જાય છે. રેકોર્ડ પરથી એ પણ જાણવા મળ્યું કે આ યાત્રા દરમિયાન માત્ર એક જ નહીં, પરંતુ ઘણા TTEએ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવી નથી.

૨૩ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ ન્યૂ જલપાઈગુડીથી સિયાલદહ જઈ રહેલી તિસ્તા-તોરસા એક્સપ્રેસમાં બે મુસાફરો જનરલ ટિકિટ પર મુસાફરી કરી રહ્યા હતા. બંનેએ TTEને પૈસા આપીને S-૮ કોચમાં ખાલી બર્થ લીધો.મુસાફરી દરમિયાન બે લોકોએ તેમની સાથે મિત્રતા કરી અને ખાવા-પીવાની વસ્તુઓમાં નશીલો પદાર્થ ભેળવીને તેમને બેહોશ કરી દીધા. આ પછી આરોપીઓએ બંને મુસાફરોનો સામાન લૂંટી લીધો. આ ઘટનામાં સુનીલ કુમાર દાસનું ઝેરી પદાર્થ શરીરમાં જવાથી મૃત્યુ થયું, જ્યારે અરુણ ચક્રવર્તી નવ દિવસ હોસ્પિટલમાં દાખલ રહ્યા બાદ બચી ગયા. આ જ કેસમાં બંને આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

### કોર્ટના નિર્ણયના 3 મુખ્ય મુદ્દાઓ...

- પોલીસ તપાસમાં ઘણી મોટી ખામીઓ રહી. મૃતકના વિસેરાની ફોરેન્સિક તપાસ કરવામાં આવી ન હતી. બીજા મુસાફરના હોસ્પિટલના રેકોર્ડ પણ એકત્રિત કરવામાં આવ્યા ન હતા. આ જ ખામીઓને કારણે હત્યાનો આરોપ સાબિત થઈ શક્યો નહીં.
- કોર્ટે હત્યા, હત્યાના પ્રયાસ અને ચોરીની કલમો હેઠળ આપવામાં આવેલી સજા રદ કરી દીધી. ગુનો કરવાના ઈરાદાથી નશીલો પદાર્થ આપવાના કેસમાં IPCની કલમ–૩૨૮ હેઠળ સજા યથાવત રાખી.
- બંને આરોપીઓ આ કલમમાં નિર્ધારિત સાત વર્ષની સજા કરતાં વધુ સમય જેલમાં વિતાવી ચૂક્યા છે, તેથી કોર્ટે તેમની મુક્તિનો આદેશ આપ્યો.
- હાઈકોર્ટે પોતાના નિર્ણયની નકલ પૂર્વ રેલવેના મહાપ્રબંધક સહિત દેશભરના રેલવે અધિકારીઓને મોકલવા જણાવ્યું. પૈસા લઈને ખાલી બર્થ વેચનારા TTE સામે કાર્યવાહીનો આદેશ.

# પેટ્રોલ-ડીઝલના ભાવ ફરી વધશે ?




## ઈરાન-અમેરિકા યુધ્ધના કારણે કિંમતોમાં ઉછાળો આવશેઃ ક્રુડ ઓઈલ 150 ડોલર સુધી જઈ શકે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**


આવનારા દિવસોમાં જો પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઉછાળો જોવા મળે તો આશ્ચર્ય ન પામશો, કારણ કે ઈરાન-અમેરિકાના યુદ્ધની આગમાં ક્રૂડ ઓઈલના ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી શકે છે. બ્રેન્ટ ક્રૂડ ૮૦ ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગયું છે.નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો પરિસ્થિતિ સુધરશે નહીં તો ક્રૂડ ઓઈલ ૧૧૦ થી ૧૫૦ ડોલર પ્રતિ બેરલ સુધી જઈ શકે છે, જેની સીધી અસર ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીના ભાવ પર પડી શકે છે.આ તાજેતરનો ઉછાળો એવા સમયે આવ્યો છે જ્યારે ગયા અઠવાડિયે બંને બેન્ચમાર્ક ૫.૫ ટકા વધ્યા હતા અને WTI ફરી એકવાર ૭૪ ડોલર પ્રતિ બેરલથી ઉપર ટ્રેડ કરી રહ્યું છે. તે જ સમયે, સપ્તાહના અંત પછી બજાર ખુલતા યુરોપિયન નેચરલ ગેસ ફ્યુચર્સમાં પણ ૨.૫ ટકાનો વધારો નોંધાયો હતો. તાજેતરના વધારાએ વર્ષના અંત સુધીમાં વિશ્વના ખાલી થઈ રહેલા ઓઈલ ભંડારને ફરીથી ભરવાના પ્રયાસોને જોખમમાં મૂક્યા છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ શુક્રવારે જાહેર કરેલા નિવેદનમાં આ વાત કહી હતી, જે આ તાજેતરના હુમલાઓ પહેલા આવ્યું હતું. આઈએએના માસિક રિપોર્ટ અનુસાર, કરાર પછી જૂનમાં ગ્લોબલ ઓઈલ સપ્લાયમાં ૪.૧ મિલિયન બેરલ પ્રતિદિનનો વધારો થયો, તેમ છતાં ઉત્પાદન યુદ્ધ-પૂર્વ સ્તરો કરતાં ૯.૪ મિલિયન બેરલ પ્રતિદિન ઓછું હતું.

# BJPએ ઓમર અબ્દુલ્લાને ફટકારી 100 કરોડની બદનક્ષીની નોટિસ

## BJP તેમની સરકારને તોડવા માટે ધારાસભ્યોને કરોડો રૂપિયાની રોકડ અને પ્રધાનવાદની લાલચ આપી ખરીદવાનો પ્રયાસ કર્યો હતો

**સિટી ન્યૂઝ@જમ્મુ**

જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ સોમવારે BJP તરફથી મળેલી લીગલ નોટિસને 'લવ-લેટર' ગણાવીને એની મજાક ઉડાવી છે. તેમણે કહ્યું કે તેઓ આ નોટિસને એક મોટું સન્માન માને છે, કારણ કે આ દર્શાવે છે કે BJP તેમને એક એવી રાજકીય તાકાત તરીકે જુએ છે જેને તેઓ નજરઅંદાજ કરી શકે તેમ નથી. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીર BJPએ ઓમર અબ્દુલ્લા સામે ૧૦૦ કરોડ રૂપિયાનો બદનક્ષીનો દાવો કરવાની ધમકી આપતી એક કાનૂની નોટિસ મોકલી છે.અબ્દુલ્લાએ તાજેતરમાં આક્ષેપ કર્યો હતો કે BJPએ તેમની સરકારને તોડવા માટે નૅશનલ કૉન્ફરન્સના વિધાનસભ્યોને કરોડો રૂપિયાની રોકડ અને પ્રધાનપદની લાલચ આપીને ખરીદવાનો પ્રયાસ કર્યો હતો. BJPની નોટિસ આ આક્ષેપ સામે આવી છે, જેમાં ઓમર અબ્દુલ્લાને ૭ દિવસની અંદર લેખિતમાં બિનશરતી માફી માગવા અથવા આક્ષેપોના પુરાવા રજૂ કરવા જણાવવામાં આવ્યું છે. આ બાબતે વળતો પ્રહાર કરતાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે 'મેં અપેક્ષા રાખી હતી કે BJP રાજકીય નિવેદનનો રાજકીય રીતે જવાબ આપશે, પરંતુ તેઓ કોર્ટની પાછળ છુપાઈ ગયા છે.



# રામ મંદિરમાં CEO જોઈએ છે !

## ટ્રસ્ટે પહેલીવાર ભરતી બહાર પાડીઃ હિંદુ હોવું જરૂરી

**સિટી ન્યૂઝ@અયોધ્યા**

અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટે સોમવારે ૬ વર્ષમાં પહેલીવાર CEO (ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર) ની ભરતી બહાર પાડી છે. આવેદક હિંદુ હોવો જોઈએ અને તેની ઉંમર ૫૦ થી ૭૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ. શૈક્ષણિક લાયકાત ગ્રેજ્યુએશન રાખવામાં આવી છે. CEO જનરલ સેક્રેટરીને રિપોર્ટ કરશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સાંજે ૪ વાગ્યા સુધીની છે.આ પહેલાં, દાન ચોરીના કેસમાં સુપ્રીમ કોર્ટે યુપી, કેન્દ્ર સરકાર અને શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ પાઠવી હતી. યુપી સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) પાસેથી અત્યાર સુધીની તપાસનો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો. કહ્યું- રિપોર્ટમાં તપાસ અધિકારીઓ વિશે પણ જણાવો.કોર્ટે કેસ સંબંધિત CCTV સુરક્ષિત રાખવાનો પણ નિર્દેશ આપ્યો. સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું- સ્ટેટસ રિપોર્ટ સીલબંધ કવરમાં રજૂ કરવામાં આવશે. તેના પર કોર્ટે સ્પષ્ટ કર્યું કે રિપોર્ટમાં SITની રચના અને તેની સંરચનાની સંપૂર્ણ માહિતી હોવી જોઈએ. કોર્ટે આગામી સુનાવણી ૨૦ જુલાઈએ નક્કી કરી.ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ ૪ અલગ-અલગ અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. અરજીઓમાં તપાસ CBIને સોંપવા ઉપરાંત મંદિરમાં દાનના વ્યવસ્થાપન સાથે સંકળાયેલા અલગ-અલગ વિષયોની સમીક્ષા માટે નિષ્ણાત સમિતિ બનાવવાની માગ કરવામાં આવી છે.બીજી તરફ, અયોધ્યા પોલીસે કેસમાં ધરપકડ કરાયેલા તમામ ૮ આરોપીઓને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કર્યા. સ્પેશિયલ કોર્ટના જજ પ્રતિભા નારાયણે તમામ આરોપીઓની ન્યાયિક કસ્ટડી ૧૪ દિવસ (૨૭ જુલાઈ સુધી) માટે વધારી દીધી.




## હાફિઝ સઈદ વિરૂધ્ધ જમ્મુ કોર્ટમાંથી બિન જામીનપાત્ર વોરંટ જાહેર

# પહેલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ હાફિઝ

## NIAએ ચાર્જશીટમાં કહ્યું હતું હાફિઝે જ પહેલગામ હુમલાનું કાવતરૂં ઘડ્યું હતું

**સિટી ન્યૂઝ@જમ્મુ-કાશ્મીર**

જમ્મુની સ્પેશિયલ કોર્ટે લશ્કર-એ-તૈયબાનો આતંકી હાફિઝ સઈદ વિરુદ્ધ પહેલગામ આતંકી હુમલાના કેસમાં બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. કોર્ટે કહ્યું કે નિષ્પક્ષ તપાસ માટે હાફિઝ સઈદને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરવી પડશે. કોર્ટે ૮ જુલાઈએ જારી કર્યું હતું, જોકે માહિતી મંગળવારે સામે આવી છે.૬ જુલાઈએ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ પહેલગામ હુમલાને લઈને પૂરક ચાર્જશીટ રજુ કરી હતી. એજન્સીએ કહ્યું હતું કે બૈસરનઘાટીમાં થયેલા આતંકી હુમલાનું કાવતરું હાફિઝ સઈદે




જ રચ્યું હતું. NIAએ હાફિઝ પર ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાનો આરોપ લગાવ્યો છે. ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ આતંકવાદીઓએ પહેલગામની બૈસરન ઘાટીમાં ગોળીબાર કર્યો હતો. પ્રવાસીઓનો ધર્મ પૂછીને તેમની હત્યા કરવામાં આવી હતી. હુમલામાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા. ત્યારબાદ ભારતે ૬-૭ મેની રાત્રે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. પાકિસ્તાન અને PoKમાં ૯ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. ભારતનો દાવો છે કે, આમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા.પહેલગામ હુમલા બાદ NIAએ ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પ્રથમ ચાર્જશીટ રજુ કરી હતી. તેમાં પાકિસ્તાનના આતંકી હેન્ડલર સાજિદ જટ સહિત ૬ આતંકીઓને આરોપી બનાવ્યા હતા.તે સમયે હાફિઝ સઈદનું નામ સામે આવ્યું ન હતું. પહેલગામ હુમલાના ૩ આતંકીઓ માર્યા ગયા છે. આતંકીઓનો હેન્ડલર સૈફુલ્લાહ જટ ઉર્ફે લંગડા હજુ જીવતો છે. તેના પર ૧૦ લાખનું ઇનામ છે.

## ઈરાની અખબારે જાહેર કર્યું કિલલિસ્ટ

# ટ્રમ્પ, મેલોની સહિત દુનિયાના 13 નેતાઓ ઈરાનના ટાર્ગેટ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

મોજતબા ખામેનેઈએ ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અને પોતાના પિતા અલી ખામેનેઈના મોતનો બદલો લેવાની જાહેરાત કરી એના થોડા જ સમયમાં ઈરાનની રાજધાની તેહરાન પ્રશાસન દ્વારા પ્રકાશિત થતા સત્તાવાર અખબાર 'હમશાહરી'એ એક ઈન્ફોગ્રાફિક શૅર કર્યું હતું. આ ઈન્ફોગ્રાફિકમાં નવા સર્વોચ્ચ નેતાના ધમકીભર્યા નિવેદનની સાથે વિશ્વના ૧૩ નેતાઓના ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ઈરાન પ્રશાસનની આ હરકતથી પશ્ચિમ એશિયામાં યુદ્ધનો તનાવ વધુ વકર્યો છે અને વૈશ્વિક સ્તરે ચિંતા વ્યાપી ગઈ છે. ઈન્ફોગ્રાફિકના માધ્યમથી જે હિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે એમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઇઝરાયલના વડા




પ્રધાન બેન્જામિન નેતન્યાહુ, ઇટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોની, બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મર, જર્મનીના ચાન્સેલર ફેડરિક મર્ઝ, ફ્રાન્સના પ્રેસિડન્ટ ઈમૅન્યુઅલ મૅક્રોન વગેરેનો સમાવેશ છે.

## ઈરાની હુમલામાં ભારતીયનું મોત

# હોર્મુઝમાં તેલ ટેન્કરો પર હુમલા



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

ઈરાનના હોર્મુઝમાં તાજેતરના હુમલામાં એક ભારતીયનું મોત થયું હતું, ત્યારબાદ ભારતના વિદેશ મંત્રાલય (MEA)એ ઈરાનના નાયબ રાજદૂત મોહમ્મદ જવાદ હુસૈની સહિત ઈરાની રાજદ્વારીઓને બોલાવ્યા હતા. વિદેશ મંત્રાલયે આ ઘટના પર ઈરાની મિશન પાસેથી જવાબ માંગ્યો અને ગંભીર ચિંતા પણ વ્યક્ત કરી. જોકે, હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાને UAEના બે તેલ ટેન્કરો પર ક્રુઝ મિસાઈલોથી હુમલો કર્યો હતો. UAEના સંરક્ષણ મંત્રાલય મુજબ આ હુમલામાં ૬ ભારતીયો સહિત ૮ લોકો પણ ઘાયલ થયા છે.તે જ સમયે, અમેરિકાએ પણ ઈરાન પર મોટા પાયે જવાબી સૈન્ય કાર્યવાહી કરી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) અનુસાર, લગભગ પાંચ કલાક સુધી ચાલેલા હુમલાઓમાં બુશેહર, ચાબહાર, જાસ્ક, કોનાર્ક, અબુ મુસા અને બંદર અબ્બાસ સ્થિત સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા. બ્રિટનની યુકે મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO) એ જણાવ્યું છે કે ઓમાનના દરિયાઈ ક્ષેત્રના દક્ષિણ-પૂર્વમાં પસાર થઈ રહેલા એક તેલ ટેન્કર પર મિસાઈલ હુમલો થયો છે.







### સૌરાષ્ટ્રનું કેપિટલ રાજકોટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ઈન્વેસ્ટમેન્ટ સુધી રાજકોટ ટોપ પર REAAR નું એલાન

# REAAR-RBAનું સૂત્ર લોન્ચ

# બહાર નહીં, હવે 'રોકાણ તો રાજકોટમાં જ'

## રિયલ એસ્ટેટ ડાયલોગ્સમાં બિલ્ડર્સ, ઉદ્યોગપતિઓ અને વિવિધ સંસ્થાઓ એક મંચ પર


## નિષ્ણાંતોના એકસૂર : બહાર રોકાણમાં નૂકસાન રાજકોટમાં લાભ

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્રના આર્થિક અને વ્યાપારી પાટનગર સમાન રાજકોટ શહેર હવે રિયલ એસ્ટેટ અને રોકાણના ક્ષેત્રમાં પણ સમગ્ર ગુજરાતમાં ડંકો વગાડવા સજ્જ બન્યું છે. રિયલ એસ્ટેટ એજન્ટ્સ એસોસિએશન ઓફ રાજકોટ (REAAR) દ્વારા રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન (RBA) ના વિશેષ સહયોગથી ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ શહેરના જાણીતા "સોલો ૪" રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ હોલ ખાતે એક ભવ્ય અને માર્ગદર્શક કાર્યક્રમ 'Real Estate Dialogues' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે એક ઐતિહાસિક અને નવું સૂત્ર સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું હતું - "રોકાણ તો રાજકોટમાં જ..."

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રાજકોટના મેયર નેહલભાઈ શુક્લાના વરદહસ્તે આ સૂત્રનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત વિશાળ જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

REAAR ના પ્રમુખ હિતેશ રાજદેવે સ્વાગત પ્રવચનમાં રાજકોટની ભૌગોલિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તાકાતનો ચિતાર આપતા જણાવ્યું હતું કે, "આજે આપણી પાસે અટલ સરોવર, કરોડોના ખર્ચે બનેલા ઓવરબ્રિજ, સેકન્ડ રિંગ રોડ, આધુનિક સ્માર્ટ સિટી, હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ અને એમ્સ (AIIMS) હોસ્પિટલ જેવી વર્લ્ડ ક્લાસ સુવિધાઓ છે. જ્યારે બહારથી આવતા લોકો પણ 'રંગીલા રાજકોટ' ના રંગમાં રંગાઈને અહીં સ્થાયી થવા માંગતા હોય, તો આપણે આપણા ધંધા કે રોકાણ માટે બહાર મહાનગરોમાં માઈગ્રેટ થવાની કોઈ જ જરૂર નથી."

આ કાર્યક્રમની સૌથી મોટી ખાસિયત એ રહી કે રિયલ એસ્ટેટ માર્કેટને બળ પૂરું પાડવા માટે રાજકોટની લગભગ તમામ મુખ્ય સંસ્થાઓ એક મંચ પર જોવા મળી હતી. આયોજકો ઉપરાંત રોટરી ક્લબ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ, ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ, જેમ્સ એન્ડ જવેલરી એસોસિએશન, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા, એડવોકેટ્સ એસોસિએશન અને BNI ના હોદ્દેદારો તથા પ્રતિષ્ઠિત બિઝનેસમેનોએ વિશેષ હાજરી આપી હતી. કાર્યક્રમનું કુશળ મંચ સંચાલન પરિન ચગ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે પેનલ ડિસ્કશનનું મોડરેશન REAAR ના પૂર્વ પ્રમુખ નિલેશભાઈ ગઢવીએ સંભાળ્યું હતું.

તમામ મહાનુભાવોના સંવાદનો મુખ્ય નિષ્કર્ષ એ હતો કે રાજકોટ સમગ્ર સૌરાષ્ટ્રનું આર્થિક કેપિટલ છે. ઘણીવાર લોકો જોશમાં આવીને રાજકોટથી બહાર અન્ય મેટ્રો શહેરોમાં રોકાણ કરવા જાય છે, પરંતુ પૂરતા વળતર અને માર્ગદર્શનના અભાવે તેમને અસફળતા મળે છે. અંતે, રોકાણકારો માટે રાજકોટ જ સૌથી શ્રેષ્ઠ અને સુરક્ષિત સાબિત થાય છે. કાલાવડ રોડ, જામનગર રોડ, મોરબી રોડ, મવડી, કોઠારીયા અને ભાવનગર રોડ જેવા વિસ્તારોમાં ચાલતા અસંખ્ય પ્રોજેક્ટ્સ રોકાણકારો માટે સોનેરી તક સમાન છે.

કાર્યક્રમના અંતે REAAR ના સેક્રેટરી તુષારભાઈ મહેતાએ તમામ સહયોગી સંસ્થાઓ અને મહેમાનોનો આભાર માની આ ઐતિહાસિક સંકલ્પ સમારોહનું સમાપન કર્યું હતું.

## પેનલ ડિસ્કશનઃ નિષ્ણાતોએ રિયલ એસ્ટેટનું વિઝન રજૂ કર્યું

કાર્યક્રમમાં યોજાયેલા પેનલ ડિસ્કશનમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રના દિગ્ગજોએ રોકાણકારોને અત્યંત મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું...

- મુકેશભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ)ઃ દાયકાઓનો અનુભવ ધરાવતા શેઠે જણાવ્યું કે રાજકોટમાં રિયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીમાં અપાર તકો છે. જો યોગ્ય વિઝન અને આયોજન સાથે ડેવલપમેન્ટ કરવામાં આવે તો અહીં અન્ય શહેરો કરતાં વધુ સુરક્ષિત અને સારું વળતર મળી શકે છે.
- પરેશભાઈ ગજેરા (પ્રમુખ, RBA અને ચેરમેન, ક્રેડાઈ ગુજરાત)ઃ તેમણે માર્ગદર્શન આપતા કહ્યું કે રાજકોટ આજે ચારેય દિશામાં હરણફાળ વિકાસ કરી રહ્યું છે. રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ, પ્લોટિંગ, ઈન્ડસ્ટ્રીયલ કે ખેતીની જમીન - દરેક ક્ષેત્રમાં જબરદસ્ત ડિમાન્ડ છે. અફોર્ડેબલ હાઉસિંગથી લઈને અતિ લક્ઝરી ફ્લેટ્સ માટે લોકો રાજકોટને પ્રથમ પસંદગી આપી રહ્યા છે.
- ધ્રુવિકભાઈ તળાવિયા (ઉપપ્રમુખ, RBA અને જોઈન્ટ સેક્રેટરી, ક્રેડાઈ ગુજરાત)ઃ અમદાવાદ અને રાજકોટ બંને જગ્યાએ સક્રિય એવા ધ્રુવિકભાઈએ સ્પષ્ટ કર્યું કે રોકાણ માટે તેમનું સૌથી પ્રિય અને લાભદાયક સ્થળ રાજકોટ જ રહ્યું છે, કારણ કે રાજકોટ હંમેશાં નવી ડિમાન્ડ સાથે રિયલ એસ્ટેટમાં 'ટ્રેન્ડ સેટર' (Trend Setter) સાબિત થયું છે.
- નિખિલભાઈ પટેલ (મેનેજિંગ ડિરેક્ટર, ડેકોરા ગ્રુપ)ઃ મોટા કાર્પેટ સાઈઝના ફ્લેટો અને લક્ઝુરિયસ પ્રોજેક્ટ્સના આ ટ્રેન્ડ સેટર બિલ્ડરે જણાવ્યું કે, રાજકોટની જનતા લાઈફસ્ટાઈલ અને લિવિંગ સ્ટાન્ડર્ડની બાબતમાં ખૂબ જ શોખીન છે. તેમની આ યુનિક ડિમાન્ડને કારણે જ તેમને અવનવા લક્ઝરી પ્રોજેક્ટ્સ લાવવાની પ્રેરણા મળે છે. રાજકોટમાં રોકાણ સર્વશ્રેષ્ઠ છે.

# રાજકોટમાં હાઈકોર્ટ બેંચની માંગ તેજ

## 25 જુલાઈએ સૌરાષ્ટ્ર-કચ્છના બાર એસોસિએશનોની સંયુક્ત બેઠક

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્ર-કચ્છમાં હાઈકોર્ટની બેંચની વર્ષોથી ચાલી રહેલી માંગને વધુ વેગ આપવા રાજકોટ બાર એસોસિએશન દ્વારા ૨૫ જુલાઈએ મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં સૌરાષ્ટ્ર-કચ્છના તમામ બાર એસોસિએશનોના પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા અને સેક્રેટરી નિલેશ પટેલે જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર-કચ્છના વકીલોનો




### રાજકોટ બાર એસોસિએશનની પહેલ; હાઈકોર્ટ બેંચથી વકીલો અને પક્ષકારોનો સમય, ખર્ચ અને લાંબી મુસાફરીથી મળશે રાહત

લાંબા સમયથી સળગતો પ્રશ્ન

રાજકોટ ખાતે હાઈકોર્ટ બેંચ

સ્થાપવાનો છે. આ માટે વર્ષોથી વિવિધ સ્તરે રજૂઆતો અને આંદોલનો કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, રાજકોટમાં હાઈકોર્ટ બેંચ કાર્યરત થતાં કચ્છ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, વેરાવળ, મોરબી સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના વકીલો અને પક્ષકારોને અમદાવાદ સુધીની લાંબી મુસાફરીમાંથી મુક્તિ મળશે. હાલ હાઈકોર્ટના કામ માટે એક દિવસનો સમય, પ્રવાસ અને ખર્ચ કરવો પડે છે, જ્યારે રાજકોટમાં બેંચ શરૂ થતાં ન્યાય પ્રક્રિયા વધુ સરળ અને સુલભ બનશે. આ સંદર્ભે ૨૫ જુલાઈ, શનિવારે સવારે ૧૦:૩૦ વાગ્યે માધાપર-જામનગર રોડ સ્થિત નવા જિલ્લા કોર્ટ બિલ્ડિંગના બીજા માળે આવેલા કોન્ફરન્સ હોલમાં બેઠક યોજાશે. બેઠકમાં હાઈકોર્ટ બેંચ મુદ્દે આગામી રણનીતિ અને સંયુક્ત કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવશે. રાજકોટ બાર એસોસિએશને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ બાર એસોસિએશનોને પોતાના પ્રતિનિધિઓ સાથે બેઠકમાં હાજરી આપવા અપીલ કરી છે. બેઠક પૂર્ણ થયા બાદ સ્વરૂચિ ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

### છૂટાછેડાનો ખાર રાખીને ખૂની ખેલ!

# મીઠાપુરમાં દેવીપૂજક પ્રૌઢની નિર્દય હત્યા, જમાઈ સહિત 3 આરોપીઓએ દાટી દીધા

## ઠીકા–પાટુથી મારી દોરી વડે ગળુ દબાવ્યુ, લાશ દરિયે રેતીમાં દાટી

સિટી ન્યૂઝ@મીઠાપુર

મીઠાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં છૂટાછેડાના ખાર માંથી સર્જાયેલી હત્યાના બનાવે સમગ્ર પંથકને હચમચાવી નાખ્યો છે. આરંભડા ગામના ચોપગી વિસ્તારમાં રહેતા દેવીપૂજક સમાજના ૫૫ વર્ષના ગોવિંદભાઈ ભનુભાઈ મકવાણાની તેમના જ જમાઈ સહિત ૩ આરોપીઓએ નિર્દયતાપૂર્વક હત્યા કરી લાશ દરિયાના કાંઠે દાટી દીધી હતી.

ફરિયાદી અરવિંદભાઈ મકવાણાના જણાવ્યા અનુસાર તેમના મોટા ભાઈ ગોવિંદભાઈ દરરોજની જેમ તારીખ ૧૨/૦૭/૨૦૨૬ ના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યે મચ્છીમારી કરવા માટે પોતાની મો.સા. નં. GJ-૧૦-BF-૮૨૮૫ લઈને આરંભડા ગામની સીમ, કાળુડુંગર-ધારીની અણી વિસ્તારમાં ગયા હતા.

પરંતુ રાતભર ઘરે પરત ન ફરતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન દરિયાકાંઠે ગોવિંદભાઈની મો.સા. મળી આવતા પરિવારને શંકા ગઈ હતી.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ મીઠાપુર પોલીસ સ્ટેશનમાં ગુમની નોંધ કરાવવામાં આવી હતી.

તપાસ દરમિયાન ખુલ્યું કે આરોપી નં.૧ જયભાઈ વીજયભાઈ પરમાર સાથે ગોવિંદભાઈની ભત્રીજી સંગીતાબેનના ૨



મહિના પહેલા છૂટાછેડા થયા હતા. આ બાબતનો ખાર રાખીને જયભાઈએ તેમના સાગરિતો રમેશભાઈ લખમણભાઈ પરમાર અને રામાભાઈ ભીખુભાઈ વાઘેલા સાથે મળીને કાવતરું રચ્યું હતું.

પોલીસને આપેલી કબૂલાતમાં આરોપીઓએ જણાવ્યું કે રાત્રે ગોવિંદભાઈને એકલા જોઈને ત્રણેયએ તેમના પર હુમલો કર્યો. પહેલા ઠીકા-પાટુ અને હાથમાં પહેરેલા લોખંડના કડા વડે માથાના ભાગે આડેધડ ઘા માર્યા ત્યારબાદ દોરી વડે ગળુ દબાવીને હત્યા કરી નાખી. પુરાવા છુપાવવા માટે લાશને દરિયાના કાંઠે રેતીમાં ખાડો કરીને દાટી દીધી હતી.બનાવના પગલે મીઠાપુર પોલીસે B.N.S કલમ ૧૦૩(૧), ૬૧(૨), ૨૩૮, ૩(૫) અને G.P. Act ૧૩૫(૧) મુજબ ગુનો નોંધી વધુ તપાસ મીઠાપુર પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહી છે.



# માધાપર ચોકડી પાસે રસ્તો ક્રોસ કરતા યુવકનું ડમ્પરની ઠોકરે મોત

» મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરતા અધિકારીઓમાં દોડધામ મચી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં માધાપર ચોકડી નજીક રાત્રે ડમ્પરની અડફેટે બાઇક સવાર યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાથી રોષે ભરાયેલા પરિવારજનોએ આરોપીની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

ગાંધીગ્રામ પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતકની ઓળખ માધાપર પર ગામ ખાતે સહજાનંદ સ્કૂલ નજીક રહેતા ૨૯ વર્ષીય ઉદય મહેશભાઈ વાઘેલા તરીકે થઈ હતી. ઉદય એસ્ટ્રોન ચોકની ઈલેક્ટ્રિક દુકાનેથી ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો.

પોલીસે આરોપી ચાલકને સકંજામાં લીધો હોવાની ખાતરી આપ્યા બાદ પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.પ્રાથમિક તપાસ મુજબ મૃતક બે ભાઈમાં મોટો અને એક સંતાનનો પિતા હતો. પોલીસે મૃતકના ભાઈ રોહન વાઘેલાની ફરિયાદ પરથી ડમ્પર ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર રેલ્વેમાં સુરક્ષાના ધજાગરા 4.80 લાખના ભારેખમ વાયર ડ્રમ ગાયબ

**રાત આખી ઊંઘતી રહી અહીંયા કાયદાની દીવાલ,
ને તસ્કરો કરી ગયા લાખોની મતાનો સવાલ.
ભારેખમ ડ્રમ ઉપાડી ગયા એ પૂર્વ આયોજનની વાત છે,
વાંકાનેર રેલ્વે સ્ટેશને સુરક્ષાની આવી જ હાલત છે!**




**» રેલ્વે કોલોની પાસે રખાયેલા વાયરની ચોરીથી RPFમાં ભારે દોડધામ; કોઈ જાણભેદુ સામેલ હોવાની આશંકા વચ્ચે તપાસનો ધમધમાટ**

સિટી ન્યૂઝ@વાંકાનેર

વાંકાનેર રેલ્વે સ્ટેશન પર સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા થયા છે. રેલ્વે કોલોની પાસેથી રૂપિયા ૪.૮૦ લાખના કિંમતી ઇલેક્ટ્રિક વાયરના ત્રણ ભારેખમ ડ્રમની ચોરી થતાં રેલ્વે પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે. અજાણ્યા તસ્કરો સુરક્ષિત મનાતા વિસ્તારમાંથી આટલા વિશાળ ડ્રમ ચોરી કરી આસાનીથી ફરાર થઈ ગયા છે. આ ચકચારી ઘટનાને પગલે રેલ્વે સુરક્ષા દળ (RPF) એ ગુનો નોંધીને ચોરોને પકડી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રેલ્વે વિભાગના વિવિધ ટેકનિકલ કામો માટે વાંકાનેર રેલ્વે કોલોની નજીક કિંમતી ઇલેક્ટ્રિક વાયરના આ વિશાળ ડ્રમ સંગ્રહિત કરીને રાખવામાં આવ્યા હતા. આટલા ભારે અને મોટા કદના ડ્રમની ચોરી કરવી એ કોઈ સામાન્ય વ્યક્તિ માટે એકલા હાથે કે પૂર્વ આયોજન વગર શક્ય જ નથી. આથી, આ સમગ્ર ઘટનામાં કોઈ સ્થાનિક અથવા રેલ્વેની ગતિવિધિઓથી વાકેફ જાણભેદુ સામેલ હોવાની પ્રબળ આશંકા સેવવામાં આવી રહી છે. ચોરોને વાયર ક્યાં રાખવામાં આવ્યા છે અને ત્યાં સુરક્ષાની સ્થિતિ કેવી છે, તેની ચોક્કસ માહિતી અગાઉથી જ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાઈ રહ્યું છે.

આ ચકચારી ચોરીના બનાવ અંગે વિગતો આપતા RPF ના DSC (ડિવિઝનલ સિક્યોરિટી કમિશનર) એ જણાવ્યું હતું કે, આ ચોરીની ઘટના ધ્યાને આવતા જ RPF દ્વારા ગત તારીખ ૧૧ ના રોજ અજાણ્યા તસ્કરો વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે. ચોરાયેલા કુલ ત્રણ ડ્રમની અંદાજિત કિંમત રૂપિયા ૪.૮૦ લાખ જેટલી થાય છે. હાલ આ મામલે રેલ્વે પોલીસ અને RPF ની ટીમો દ્વારા અલગ-અલગ દિશામાં ઊંડી તપાસ ચલાવવામાં આવી રહી છે, અને ટૂંક સમયમાં જ આ ગુનાનો ભેદ ઉકેલી વિગતો જાહેર કરવામાં આવશે.

# ડબલ મર્ડર : ધોરાજીના મોટી મારડ ગામમાં દંપતીની હત્યા

**» ઘટનાસ્થળે એલસીબી સહિત પોલીસનો કાફલો; હત્યાનું કારણ જાણવા સઘન તપાસ શરૂ**

સિટી ન્યૂઝ@રાજકોટ






રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના મોટી મારડ ગામમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. મોટી મારડ ગામમાં અજાણ્યા શખ્સો દ્વારા એક દંપતીની અરેરાટીભરી અને ક્રૂર હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ડબલ મર્ડરની ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભયની સાથે અરેરાટી વ્યાપી ગઈ છે.

મોટી મારડ ગામમાં દંપતીની હત્યા થઈ હોવાની ગંભીર વિગતો વાયુવેગે પ્રસરતા જ સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ એક્શનમાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ રાજકોટ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના અધિકારીઓ તેમજ સ્થાનિક પોલીસનો મોટો કાફલો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતક દંપતીના શબને કાયદેસરની કાર્યવાહી અર્થે ખસેડીને ઘટનાસ્થળની આસપાસના વિસ્તારમાં સઘન સર્ચ ઓપરેશન અને તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે.

ભરચક ગામમાં દંપતીની આ પ્રકારે ક્રૂરતાપૂર્વક હત્યા કેમ કરવામાં આવી અને આ લોહીયાળ ખેલ ખેલવા પાછળ અંગત અદાવત, લૂંટ કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે અંગે રહસ્ય અકબંધ છે. હાલના તબક્કે પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગુનાના ચોક્કસ કારણને શોધવા તેમજ કિલરો સુધી પહોંચવા માટે આસપાસના લોકોની પૂછપરછ અને ટેકનિકલ સેલની મદદથી વધુ વિગતો મેળવવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ડબલ મર્ડરની આ વાતોને લઈ સમગ્ર મોટી મારડ ગામમાં સન્નાટો છવાઈ ગયો છે.

# ગોપાલએ કહ્યું નીશી મારી સાથે ના રહે તો પણ હું સ્વપ્નમાં પણ તેને નુકસાન કરવાનો વિચાર કરી શકુ નહીં



**પ્રશાંત દયાળ**

નિશીને મળીને ગોપાલ ધીમાં પગલે તિલકયાર્ડ તરફ આગળ વધ્યો. તેને સામે મળતાં જેલના પરિચિત કેદીઓ તેની સામે હાથ ઊંચો કરતાં. કોઈ તેને કેમ છે ગોપાલીયા? કહી બોલાવતું હતું. પણ ગોપાલ યંત્રવત્ ચાલી રહ્યો હતો. તેના ચહેરા પર કોઈ બદલાવ થતો નહોતો. તેના ચહેરા ઉપર જાણે કોઈ ભાવ જ નહોતો! મગજ શૂન્ય થઈ ગયું હતું.

તે લીગલ ઑફિસમાં દાખલ થયો. જઈને પોતાનાં ટેબલ પર બેઠો. નીતિનકાકા સહિત ત્યાં કામ કરતા કેદીઓ પોતાનું કામ કરી રહ્યા હતા. નીતિનકાકાએ ગોપાલ આવ્યો ત્યારે એકવાર નજર ઊંચી કરીને ગોપાલ સામે જોયું. આમ તો રોજ સવારે ગોપાલ ઑફિસમાં આવે ત્યારે નીતિનકાકાને કાકા રામ રામ કહીને પોતાનાં ટેબલ પર બેસતો હતો; પણ આજે ગોપાલે કાકા સામે જોયું પણ નહીં. કાકાએ ગોપાલના આ વ્યવહારની નોંધ લીધી હતી, પણ તે કંઈ બોલ્યા નહીં.

ગોપાલ પોતાની જગ્યાએ ગયો. તેનાં ટેબલ ઉપર તેનું કામ પડેલું જ હતું. પણ તેણે ટેબલ ઉપર પડેલા કાગળો તરફ જોયું જ નહીં. તે ચુપચાપ બેસી રહ્યો. લગભગ અડધો કલાક થયો હશે ત્યાં કાકાએ ગોપાલને અવાજ આપ્યો, "ગોપાલ... ઓ ગોપાલ..." પણ તેણે કાકાને વળતો જવાબ આપ્યો જ નહીં. એક કેદીએ ગોપાલને રીતસર ઢંઢોળ્યો. ગોપાલને કાકા તરફ ઈશારો કરીને એ બાજુ જોવાનું કહ્યું. કાકાએ આંખોની ભ્રમર ઊંચી કરી અને પૂછ્યું, "શું ચાલી રહ્યું છે આ?"

ગોપાલ એકદમ ડઘાઈ ગયો. તેણે માથું હલાવી ના કહી. કાકાએ તેને બહાર આવવા માટે ઈશારો કર્યો. કાકા પણ ઊભા થયા. ટેબલખુરશી વચ્ચેથી સાચવીને તેમણે પોતાની વિશાળ કાયા બહાર કાઢી. ગોપાલ પણ ઊભો થયો. કાકા ઑફિસની બહાર નીકળીને નજીકમાં આવેલા પીપળાનાં ઘટાદાર વૃક્ષ નીચે જઈ ઊભા રહ્યા. ઑફિસના એક કેદીએ જોયું કે, કાકા ઝાડ નીચે ઊભા છે. તે દોડતો ઑફિસની અંદર ગયો અને એક ખુરશી બહાર લઈ આવ્યો. કાકા ઊભા હતા તેમની બાજુમાં ખુરશી મૂકીને તે જતો રહ્યો. ગોપાલ કાકા પાસે આવીને ઊભો રહ્યો. તેનો ચહેરો નીસ્તેજ હતો. કાકા પૂછ્યું, "શું થયું?"

ગોપાલ કંઈ બોલ્યો નહીં. બાજુમાં એક ઈંટ પડી હતી. કાકાએ તેને ઈશારો કર્યો. ગોપાલ જેલમાં આવ્યા પછી ઈશારાની ભાષા શીખી ગયો હતો. તેણે ઈંટ ઉપાડી કાકાની સામે મૂકી અને પોતે ચંપલ કાઢીને કાકાની સામે નીચે બેસી ગયો. કાકાએ ગોપાલના ખભા હાથ મૂક્યો અને કહ્યું, "બોલ, શું થયું છે?"ગોપાલે પહેલાં માટી તરફ જોયું અને પછી કાકા સામે જોતાં કહ્યું, "નિશી મુલાકાતમાં આવી હતી." કાકાનો ચહેરો ગંભીર થયો. "હમ્મ" કાકાએ માત્ર એટલું જ કહ્યું.

ગોપાલે વાત કહેવાની શરૂઆત કરી. જાણે કોઈ યંત્ર બોલી રહ્યું હોય એમ નિશી સાથે થયેલો આખો સંવાદ કાકાને કહ્યો. કાકો જમાનો ખાધેલો માણસ હતો, પણ અંદરથી બહુ ઢીલો હતો. ગોપાલ બોલી રહ્યો હતો ત્યારે કાકાની આંખના ખૂણા પણ ભીના થઈ ગયા. ગોપાલ તે ભીનાશ જોઈ જાય તે પહેલાં તેમણે ઝડપથી ભીના ખૂણા લૂંછી નાખ્યા.

ગોપાલે પોતાની વાત પૂરી કરી. કાકા એકદમ ચૂપ હતા. કાકાને સમજ નહોતી પડી રહી કે, તે ગોપાલને શું કહે? કારણ કે કાકાને લાગ્યું કે, હવે બધું સારું થઈ જશે. એવું ખોટું બોલવાનો કોઈ અર્થ રહેતો નથી. કારણ, ગોપાલ સાથે હવે કંઈ સારું થાય તેવું કંઈ બચ્યું જ નહોતું. કાકા પણ ગુમસુમ થઈ ગયા. મિનિટો સુધી કાકા અને ગોપાલ એમ જ બેસી રહ્યા. કાકા ક્યારેક ગોપાલ સામે જોતા તો ક્યારેક પીપળાનાં વૃક્ષ પર બેઠેલા પોપટો તરફ જોઈ લેતા હતા. કાકાને લાગ્યું કે, આવી રીતે બેસી રહેવાનો શું અર્થ છે? તે ઊભા થયા. તેમણે ગોપાલના માથે હાથ મૂક્યો અને કહ્યું, "ઊઠ બેટા."

ગોપાલ ઊભો થયો. કાકાએ કહ્યું, "બેટા, તારી બેરેક ઉપર જઈને આરામ કર."તે યાર્ડની બહાર નીકળી રહ્યો હતો. ઑફિસ તરફ જઈ રહેલા કાકા એકદમ રોકાઈ ગયા. તેમણે ગોપાલ તરફ બૂમ પાડી, "ગોપાલ..."ગોપાલ અટકી ગયો. કાકાએ તેને ઈશારો કરીને પાછો બોલાવ્યો. તે કાકા પાસે આવ્યો એટલે કાકાએ તેના ખભે હાથ મૂકતાં કહ્યું, "તું આવતીકાલે રજા મૂકી દે. હું આઈ.જી. ઑફિસમાં વાત કરી લઈશ. તું થોડા દિવસ ઘરે જઈ આવ."

ગોપાલે માથું હલાવીને હા પાડી. તે પાછો યાર્ડની બહાર જવા નીકળ્યો. તે બેરેક તરફ જઈ રહ્યો હતો ત્યારે તેને કંઈક યાદ આવ્યું. તેના પગ હવે બાબલા બેરેક તરફ વળી ગયા. ગોપાલ બાબલા બેરેકમાં ગયો. બપોરનો સમય હતો એટલે બાબલા બેરેકમાં સફાઈકામ કરતાં કેદીઓ જમવા અને આરામ કરવા બેરેકમાં પાછા આવ્યા હતા. ગોપાલ બાબલા બેરેકમાં દાખલ થયો.સલીમ જમીને આરામ કરવા પોતાના બિસ્તર પર આડો પડ્યો હતો. તેનું ધ્યાન બેરેકનાં ટીવી તરફ હતું. તેણે દરવાજા પાસે ઊભા રહેલા ગોપાલ સામે જોયું. એનો ચહેરો જોઈ તેને ખબર પડી ગઈ કે, કંઈક ગરબડ છે. ગોપાલ નોર્મલ નથી લાગતો. તે એકદમ ઊભો થયો અને ગોપાલ પાસે આવ્યો. તેણે ગોપાલના ખભા પર હાથ મૂક્યો. ગોપાલે કહ્યું, "વાત કરવી છે. બહાર આવ."

સલીમ ગોપાલ સાથે બહાર આવ્યો. બંને લીમડાનાં ઝાડ નીચે મોટા ઓટલા પાસે ગયા. ગોપાલ ઓટલા પર બેસી પડ્યો. સલીમે પૂછ્યું, "શું થયું?"ગોપાલ કંઈ બોલી શક્યો નહીં. તેની આંખો ભરાઈ આવી. સલીમે તેની પીઠ પર હાથ ફેરવ્યો. સલીમ ઊભો થયો અને બેરેકમાં જઈને પાણીનો ગ્લાસ લઈ આવ્યો. ગોપાલને પાણી આપ્યું. ગોપાલે બે ઘુંટડા પાણી પીધું અને વધેલા પાણીથી મોઢું ધોઈ નાખ્યું. ગ્લાસ બાજુ પર મૂકતાં કહ્યું, "નિશી આવી હતી."

સલીમે એવી નજરે તેની સામે જોયું, જાણે તે પૂછી રહ્યો હોય કે, તો શું? ગોપાલે કહ્યું, "તેને ડિવોર્સ જોઈએ છે."સલીમને આઘાત લાગ્યો. આ વાત તે માનવા જ તૈયાર નહોતો. તેણે પૂછ્યું, "નિશી ડિવોર્સ માંગે છે! ડિવોર્સ? કેમ?"ગોપાલ થોડીવાર ચૂપ રહ્યો. પછી કહ્યું, "તે કોઈના પ્રેમમાં પડી છે."સલીમ વધારે કંઈ પૂછી શક્યો નહીં. થોડીવાર પછી ગોપાલે કહ્યું, "એનું નામ વેદાંત છે. એના પપ્પાની સોસાયટીમાં જ રહે છે."સલીમે થોડો વિચાર કરીને પૂછ્યું, "તો તે શું કહ્યું?"ગોપાલે કહ્યું, "હું શું કહું? તેને ડિવોર્સ જોઈએ છે અને તે કોઈના પ્રેમમાં છે. તો હું શું કરી શકું?"સલીમ ગુસ્સામાં લાલચોળ થઈ ગયો. "ગદ્દાર છે એ..." એવું કહેતાં તેના મોઢામાંથી નિશી માટે ગાળ નીકળી ગઈ.ગોપાલે તરત તેનાં મોઢા પર હાથ મુકતાં કહ્યું, "ના. એનો કોઈ વાંક નથી."સલીમ ગુસ્સામાં ઓટલાની આસપાસ ચક્કર મારવા લાગ્યો. એ એકલો એકલો કંઈક બબડી રહ્યો હતો. જાણે સલીમ સાથે તેની પત્નીએ કંઈ ખોટું કર્યું હોય એટલો ગુસ્સો તેને આવી રહ્યો હતો. તે એકદમ ગોપાલની પાસે આવ્યો. તેણે કહ્યું, "ચાલ, રજા પર બહાર જઈ તેને પાડી દઈએ."

ગોપાલે સલીમનો હાથ પકડીને બાજુમાં બેસાડયો અને કહ્યું, "નિશી મારી સાથે ન રહે તો પણ હું તો એને પ્રેમ કરુ છુંને? તેને પણ નુકસાન કરવાનો વિચાર મને સ્વપ્નમાં પણ ન આવે." (ક્રમશ)

# 26.80 કરોડના ખર્ચે ભક્તિનગર રેલવે સ્ટેશનનો કાયાકલ્પ,17 જુલાઈએ વડાપ્રધાન કરશે લોકાર્પણ

**» અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આધુનિક સુવિધાઓથી સજ્જ સ્ટેશન તૈયાર; ચાર લિફ્ટ, નવા ફૂટ ઓવર બ્રિજ અને વિશાળ કોનકોર્સ હોલથી મુસાફરોને મળશે વિશ્વસ્તરીય અનુભવ**

રાજકોટ



પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ આવેલા ભક્તિનગર રેલવે સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૨૬.૮૦ કરોડના ખર્ચે પુનર્વિકાસ પૂર્ણતાના આરે પહોંચ્યો છે. આધુનિક મુસાફર સુવિધાઓથી સજ્જ બનેલા સ્ટેશનનું લોકાર્પણ ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કરશે. ભક્તિનગર સ્ટેશન ખાતે સ્થાનિક કાર્યક્રમ બપોરે ૨ વાગ્યાથી યોજાશે.

રાજકોટ શહેરના મહત્વપૂર્ણ રેલવે સ્ટેશન તરીકે ઓળખાતા ભક્તિનગર સ્ટેશન પર દરરોજ અંદાજે ૬,૯૦૦ મુસાફરોની અવરજવર થાય છે. વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સ્ટેશન ભવનના વિકાસ માટે ૧૧.૮૧ કરોડ અને નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ માટે ૧૪.૯૯ કરોડ સહિત કુલ ૨૬.૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

પુનર્વિકાસ અંતર્ગત પ્લેટફોર્મ નંબર-૧ પર કોટા સ્ટોન ફ્લોરિંગ, પ્લેટફોર્મ નંબર-૨ અને ૩ પર નવા કવર શેડ, એસીપી ક્લેડિંગ સાથે આધુનિક સ્ટેશન બિલ્ડિંગ, અલગ પ્રવેશ અને નિર્ગમ દ્વાર, ૮,૬૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં સ્ટેશન ભવનનું અપગ્રેડેશન તથા ૨,૭૬૦ ચોરસ ફૂટનો વિશાળ કોનકોર્સ હોલ તૈયાર કરવામાં આવ્યો છે.

મુસાફરો માટે એરકન્ડિશન્ડ પ્રતીક્ષાલય, વીઆઈપી રૂમ, આધુનિક શૌચાલય, નવી સાઈનેજ સિસ્ટમ, ઉત્તમ લાઈટિંગ અને વેન્ટિલેશન સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ઉપરાંત ૨૫,૬૮૫ ચોરસ ફૂટ વિસ્તારમાં ગાર્ડન અને સર્ક્યુલેટિંગ એરિયા, ટેન્સાઈલ રૂફ પોર્ચ, સુવ્યવસ્થિત પાર્કિંગ તેમજ દિવ્યાંગજનો માટે વિશેષ પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

સ્ટેશનને સંપૂર્ણ દિવ્યાંગજન અનુકૂળ બનાવવા માટે રેમ્પ, ટેક્ટાઈલ ટાઈલ્સ, મોડ્યુલર ટોયલેટ, એક લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ જળસંપ તથા ૫૦ હજાર લિટરની ઓવરહેડ ટાંકી બનાવવામાં આવી છે. મુસાફરોની અવરજવર સરળ બનાવવા ૧૨ મીટર પહોળો મુખ્ય ફૂટ ઓવર બ્રિજ, વેરાવળ તરફ ૩.૬૬ મીટર પહોળો વધારાનો ફૂટ ઓવર બ્રિજ તેમજ ૨૦ મુસાફરોની ક્ષમતા ધરાવતી ચાર આધુનિક લિફ્ટ પણ કાર્યરત કરવામાં આવી છે.

રાજકોટ ડિવિઝનના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભક્તિનગર સ્ટેશનનો આ કાયાકલ્પ મુસાફરોને વધુ સુરક્ષિત, સરળ અને ગુણવત્તાયુક્ત મુસાફરીનો અનુભવ કરાવશે તેમજ રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના ઔદ્યોગિક અને વ્યાપારિક વિકાસને પણ નવી ગતિ આપશે.

# અષાઢી બીજે SGVP ગુરુકુળ વાવડીથી મવડી સુધી ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે

**ગુરુદેવ ધર્મજીવનદાસજી સ્વામીની 125મી જન્મજયંતિ નિમિત્તે શોભાયાત્રા; ભક્તોને જોડાવા ભાવભર્યું આમંત્રણ**

સિટી ન્યૂઝ@રાજકોટ




અષાઢી બીજના પાવન અવસરે SGVP શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રીબડા દ્વારા SGVP વાવડી ગુરુકુળથી શ્રી સ્વામિનારાયણ મંદિર, SGVP મવડી સુધી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ગુરુકુળના આદ્ય સંસ્થાપક ધર્મજીવનદાસજી સ્વામીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે રથયાત્રા સાથે ભવ્ય શોભાયાત્રા પણ યોજાશે.

આયોજન SGVP ગુરુકુળ વાવડીના સંકલન સાથે વિશ્વ હિન્દુ પરિષદ ધર્મજાગરણ સમન્વય, સનાતન ધર્મ સંકલન સમિતિ, હિન્દુ જાગરણ મંચ, શ્રી સ્વામિનારાયણ મંદિર SGVP મવડી, મુખ્ય મંદિર રાજકોટ, ખોડલધામ શિક્ષણ પાંખ, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને ભારત વિકાસ પરિષદ સહિતની વિવિધ સામાજિક-ધાર્મિક સંસ્થાઓના સહયોગથી કરવામાં આવ્યું છે.

મુખ્ય આયોજન સમિતિના અધ્યક્ષ ધર્મવત્સલદાસજી સ્વામી, કન્વીનર રાજદીપસિંહ જાડેજા અને સહ-કન્વીનર કમલેશભાઈ દવેના માર્ગદર્શન હેઠળ આયોજનોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રથયાત્રાના સુચારુ આયોજન માટે વિવિધ પેટા સમિતિઓ અને મોટી સંખ્યામાં સ્વયંસેવકો સેવા આપી રહ્યા છે.

રથયાત્રા અષાઢી બીજના દિવસે બપોરે ૩:૩૦ વાગ્યે SGVP વાવડી ગુરુકુળથી પ્રસ્થાન કરશે. તે પહેલાં બપોરે ૨:૪૫થી ૩:૩૦ દરમિયાન મામેરા વિધિ તથા ભગવાન જગન્નાથજીને ચોકલેટનો અન્નકૂટ ધરાવવામાં આવશે અને તેનો પ્રસાદ ભક્તોને અપાશે. પહિંદ વિધિમાં મેયર નેહલભાઈ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, સાંસદ રામભાઈ મોકરિયા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિતભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

રથયાત્રા વાવડી ગુરુકુળથી વાવડી ગેટ, જય ભારત પ્રાથમિક શાળા, આસોપાલવ ટ્રાયએંગલ, ખોડલ ચોક, રાણી ચોક, જય સરદાર ચોક, શિલ્પન એરિસ્ટા, સંસ્કાર સિટી, બાપા સીતારામ ચોક અને મવડી ચોકડી થઈને SGVP મવડી મંદિર ખાતે પહોંચશે, જ્યાં મહાઆરતી સાથે સમાપન થશે.રથયાત્રાના સમગ્ર રૂટ પર વિવિધ સોસાયટીઓ દ્વારા ભગવાનના રથનું પુષ્પવર્ષા સાથે સ્વાગત કરવામાં આવશે. ભક્તો માટે ઠંડુ પાણી, શરબત, જ્યુસ તેમજ મગ, કાકડી અને ખારેકના મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે. પરંપરાગત ઢોલ-નગારા, ભક્તિ સંગીત અને શોભાયાત્રાના આકર્ષક રથો સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવશે.

SGVP ગુરુકુળ પરિવારે તમામ ધર્મપ્રેમી નાગરિકોને પરિવાર સાથે રથયાત્રામાં જોડાઈ ભગવાન જગન્નાથજીના દર્શનનો લાભ લેવા અને રથના દોરડા ખેંચી પુણ્યનો લાભ મેળવવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# ફ્રીડમ યુવા ગ્રુપે મનોદિવ્યાંગ અને થેલેસેમિક બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરી ચહેરા પર ખુશીના સ્મિત રેલાવ્યા



**સતત 23મા વર્ષે યોજાયેલા સેવા યજ્ઞમાં દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ, નવા પદાધિકારીઓનું સન્માન**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ફ્રીડમ યુવા ગ્રુપ, રાજકોટ દ્વારા મનોદિવ્યાંગ, થેલેસેમિક અને જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા સતત ૨૩મા વર્ષે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન તા. ૧૨ જુલાઈએ હેમુ ગઢવી હોલ ખાતે કરવામાં આવ્યું હતું. દાતાઓના સહયોગથી યોજાયેલા આ સેવા યજ્ઞમાં બાળકોને સ્કૂલબેગ, ફૂલસ્કેપ બુક્સ, લંચ બોક્સ, વોટર બોટલ, કંપાસ, એક્ઝામ પેડ સહિતની ઉપયોગી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેના કારણે બાળકોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ મેયર ડૉ. નેહલભાઈ શુક્લ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, કમલનયનભાઈ સોજીત્રા અને કલ્પકભાઈ મણિયારના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે થયો હતો. પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા સહિત નવનિયુક્ત કોર્પોરેશન પદાધિકારીઓ તેમજ શહેરના સામાજિક, સહકારી અને વ્યાપારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન સંસ્થા દ્વારા મેયર ડૉ. નેહલભાઈ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા તેમજ સંસ્થા પરિવારના ચૂંટાયેલા નગરસેવકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત કાર્યક્રમને સહયોગ આપનાર દાતાઓને સ્મૃતિચિન્હ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેના કારણે દાતાઓમાં પણ ઉત્સાહ વધ્યો હતો.

સંસ્થાના સંસ્થાપક ભાગ્યેશ વોરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાએ જણાવ્યું હતું કે મનોદિવ્યાંગ અને થેલેસેમિક બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા તથા તેમનું મનોબળ વધારવાના હેતુથી છેલ્લા ૨૩ વર્ષથી આ સેવા યજ્ઞ સતત ચાલુ રાખવામાં આવ્યો છે અને ભવિષ્યમાં પણ આ સેવા યથાવત રહેશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મનોજ ડોડિયા, સંજય પારેખ, પ્રવીણ ચાવડા, કિરીટ ગોહેલ, સુરેશ રાજપુરોહિત, નીતિન ઝરીયા, મિલન વોરા, રસિક મોરધરા, નિમેષ કેસરિયા, અલ્પેશ પલાણ સહિત ફ્રીડમ યુવા ગ્રુપના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# આત્મનિર્ભર ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થી સન્માન, સ્પર્ધાઓ-નિ:શુલ્ક બોડી ચેકઅપ કેમ્પ યોજાયો

## 150થી વધુ બાળકોએ સ્પર્ધાઓમાં ભાગ લીધો, 200થી વધુ લોકોએ આરોગ્ય તપાસનો લાભ મેળવ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આત્મનિર્ભર ફાઉન્ડેશન દ્વારા તા. ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ કલાકે હોટલ ક્લાસિક ખાતે વિદ્યાર્થી સન્માન સમારંભ, વિવિધ સ્પર્ધાઓ અને નિશુલ્ક બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાઉન્ડેશનના પ્રમુખ તન્વી લેહરુના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





ફ્રી હેલ્થ ચેકઅપ.. ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી સાથે

કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓમાં ૧૫૦થી વધુ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જ્યારે ૩૫૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. મનોરંજનની સાથે આયોજિત નિશુલ્ક બોડી ચેકઅપ કેમ્પમાં ૨૦૦થી વધુ લોકોએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, રઘુવંશી સમાજના અગ્રણી મુકેશભાઈ તન્ના, શિવસેનાના જીમીભાઈ અડવાણી, ગુરુજી વિજય અદા, વોર્ડ નં. ૧ના કોર્પોરેટર સેજલબેન ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દક્ષાબેન વસાણીએ ઉપસ્થિત રહી લોકોને આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવા અને આવા સેવાકીય કાર્યક્રમોમાં જોડાવા પ્રોત્સાહિત કર્યા હતા. નિ:શુલ્ક બોડી ચેકઅપ કેમ્પને સફળ બનાવવા બદલ સ્ટર્લિંગ હોસ્પિટલની સમગ્ર તબીબી ટીમનો આત્મનિર્ભર ફાઉન્ડેશન દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.આયોજકોના જણાવ્યા મુજબ બાળકો અને વાલીઓએ ઉત્સાહભેર સહભાગી બની કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ભવિષ્યમાં પણ સમાજહિતના આવા સેવાકીય અને પ્રેરણાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે. વધુ માહિતી માટે આત્મનિર્ભર ફાઉન્ડેશનના પ્રમુખ તન્વી લેહરુનો સંપર્ક મોબાઇલ નંબર 88498 02656 પર કરી શકાય છે.

# જયા કિશોરીજીની 'સનાતન યુવા કથા'માં ટી.રાજાસિંગ આપશે હાજરી

## આયોજકો દ્વારા રૂબરૂ આમંત્રણ અપાતા 29 સપ્ટેમ્બરે રાજકોટમાં ઉપસ્થિત રહેવાની આપી સંમતિ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના આંગણે આગામી દિવસોમાં એક અભૂતપૂર્વ અને દિવ્ય આધ્યાત્મિક મહોત્સવ આકાર લેવા જઈ રહ્યો છે. રાજકોટની પવિત્ર ધરા પર આગામી તા.૨૮,૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રોજ ત્રિદિવસીય ભવ્ય અને ભક્તિસભર 'સનાતન યુવા કથા' નું વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. જે સમગ્ર ગુજરાતમાં આધ્યાત્મિક ચેતના અને સનાતન સંસ્કારોના નવો સંચાર કરશે.

આ પાવન કથાના મુખ્ય વકતા તરીકે વિશ્વ વિખ્યાત આધ્યાત્મિક પ્રવકતા, પ્રખર કથાકાર અને મોટિવેશનલ સ્પીકર જયા કિશોરીજી પધારી રહ્યા છે.

ખૂબજ નાની ઉમરથી આધ્યાત્મિક્તાના માર્ગે વળીને, પોતાની મધુર વાણી અને પ્રેરણાદાયી વિચારોથી દેશ-વિદેશના લાખો-કરોડો યુવાનો અને પરિવારોને સનાતન સંસ્કૃતિ, ઉચ્ચ સંસ્કારો અને સન્માર્ગ તરફ પ્રરિત કરનાર જયા કિશોરીજીના મુખેથી વહેનારી જ્ઞાનગંગાનો લહાવો લેવો એ રાજકોટવાસીઓ



સહિત સમગ્ર ધર્મપ્રેમી જનતા માટે એક અણમોલઅવસર બની રહેશે, તેમના ભજનો અને પ્રેરણાદાયી વિચારો માનવ જીવનમાં નવી ઉર્જા અને સકારાત્મકતાનો સંચાર કરે છે.

આ ગરિમામય આયોજનના ભાગરૂપે કટ્ટર હિન્દુ સમ્રાટ, અખંડ આર્યાવર્ત પ્રદેશના સ્વપ્નદ્રષ્ટા અને મહા યોધ્ધા તરીકે જાણીતા હૈદરાબાદના ટાઈગર ગણાતા  ટી.રાજાસિંગજીને આ કથામાં ઉપસ્થિત રહેવા માટે સનાતન યુવા કથા સમિતિ ધ્વારા ભાવભીનુ આમંત્રણ પાઠવવામાં આવ્યુ હતુ. આયોજક સમિતિના હોદેદારો સર્વ ભરતભાઈ દોશી, વિજયભાઈ વાંક અને યોગીનભાઈ છનિયારા ધ્વારા ટી.રાજાસિંગજીની રૂબરૂ મુલાકાત કરીને તેમને આ 'સનાતન યુવા કથા'માં પધારવા આમંત્રણ આપવામાં આવ્યુ હતુ, જેના પ્રત્યુતરમાં ટી.રાજાસિંગે ૨૯મી સપ્ટેમ્બરના રોજ રાજકોટ ખાતે કથામાં હાજરી આપવા માટે સહમતી આપી હતી.

આ ભવ્ય કથાભક્તિરસ અને આધ્યાત્મિક ચેતનાથી સભર મહોત્સવને સફળ બનાવવા માટે આયોજક સમિતિ ધ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટ અને આજુબાજુના તમામ ધર્મપ્રેમી ભાઈઓબહેનોને આ દિવ્ય ભક્તિરસ તથા જ્ઞાનગંગાનો લાભ લેવા આયોજકો ધ્વારા સહપરિવાર પધારવા વિશેષ આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

# ખેડૂતોને ગાંધીનગર પહોંચતા પહેલા જ અટકાવાયા, ખેડૂત સંગઠનોમાં ભારે રોષ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત ખેડૂત એસોસિએશન, ક્રાંતિ સંગઠન અને ગુજરાત ખેડૂત કલ્યાણ સંગઠને ખેડૂતોને ગાંધીનગર રજૂઆત માટે જતા પહેલા જ પોલીસ દ્વારા અટકાવવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે અને આ ઘટનાને લોકશાહી તથા બંધારણીય અધિકારોનું ખુલ્લેઆમ હનન ગણાવ્યું છે. સંગઠનોના જણાવ્યા મુજબ, ખેડૂતોને પોતાની સમસ્યાઓ રજૂ કરવાની સ્વતંત્રતા હોવા છતાં તેમને રોકવામાં આવ્યા છે, જે લોકશાહી વ્યવસ્થાને પ્રશ્નચિહ્ન હેઠળ મૂકે છે અને સરકારની નીતિ પર સવાલો ઉભા કરે છે.

સંયુક્ત નિવેદનમાં ગજેન્દ્રસિંહ ઝાલા, ભરતસિંહ વાળા સહિતના ખેડૂત આગેવાનોએ જણાવ્યું હતું કે રાજ્યના કચ્છ, ધોળકા, સુરેન્દ્રનગર સહિતના વિવિધ







**» રજૂઆત માટે જતા ખેડૂતોની અટકાયતને ગેરબંધારણીય ગણાવી કાનૂની લડતની ચીમકી, માનવ અધિકાર ભંગનો આક્ષેપ**

જિલ્લાઓમાંથી ખેડૂતો મુખ્યમંત્રી અને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પોતાની સમસ્યાઓ રજૂ કરવા ગાંધીનગર જવાના હતા. તેઓએ સ્પષ્ટ કર્યું કે કોઈપણ પ્રકારના ધરણા, રેલી, સૂત્રોચ્ચાર કે વિરોધ કાર્યક્રમનું આયોજન નહોતું, છતાં વહેલી સવારે પોલીસ દ્વારા ખેડૂતોને ડિટેઈન કરવામાં આવ્યા હતા, જે સંપૂર્ણપણે ગેરલોકશાહી અને દમનકારી પગલું છે.

ખેડૂત સંગઠનોના જણાવ્યા મુજબ, વીજ પોલ અને વીજ લાઈન સંબંધિત પ્રશ્નો સહિતના મહત્વના મુદ્દાઓ અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવાની હતી. ખેડૂતોનો દાવો છે કે તેઓ કાયદેસર રીતે અને શાંતિપૂર્ણ રીતે પોતાની વાત રજૂ કરવા જઈ રહ્યા હતા, છતાં તેમને અટકાવવામાં આવતા રાજ્યભરના ખેડૂત સંગઠનોમાં ભારે રોષ અને અસંતોષ ફેલાયો છે, જે આગામી સમયમાં વધુ ઉગ્ર બની શકે છે.

સંગઠનોએ વધુમાં જણાવ્યું કે ખેડૂત આગેવાન ભરતસિંહ ઝાલાને લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા, જે માનવ અધિકારોના ભંગ સમાન છે. આ ઘટનાને ગંભીરતાથી લઈ કાનૂની કાર્યવાહી કરવાની તેમજ ગુજરાત માનવ અધિકાર પંચમાં રજૂઆત કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. ખેડૂત આગેવાનોનું કહેવું છે કે પોલીસ તંત્રનો આ પ્રકારનો ઉપયોગ લોકશાહી માટે ખતરનાક છે અને આ પ્રવૃત્તિઓ બંધ થવી જોઈએ. ખેડૂત આગેવાનોએ જણાવ્યું કે મોડી સાંજે ખેડૂતોની રજૂઆત ગાંધીનગર ખાતે રજિસ્ટ્રી શાખામાં સત્તાવાર રીતે દાખલ કરવામાં આવી હતી. તેમણે પોલીસ તંત્રને રાજકીય દબાણથી દૂર રહી કાયદા અને બંધારણ મુજબ કામગીરી કરવાની અપીલ કરી હતી તેમજ ખેડૂતોના પ્રશ્નોને સંવેદનશીલતાથી સાંભળવાની અને યોગ્ય નિરાકરણ લાવવાની માંગણી પણ કરી હતી.

## અવસાન નોંધ



**રાજકોટ : મહેશભાઇ મનસુખભાઇ પરમાર** (ઉ.વ.૫૭) તે સ્વ.મનસુખભાઇ ધનજીભાઇ પરમારના પુત્ર, ઉષાબેનના પતિ, યોગેશભાઇ અને ડિમ્પલબેનના પિતા, પૃથ્વીરાજ અને હિરવાના નાના, નીતિનભાઇ અને દક્ષાબેનના મોટાભાઈનું તા.૧૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તથા પ્રાર્થનાસભા તા.૧૭ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન શ્રી સાંઇબાબા મંદિર, સાંઇબાબા સોસાયટી શેરી નં.૨, ભગવતી હોલ તેમજ ક્રિષ્ના લીંક કોમ્પ્લેક્સની સામે, રેલનગર મેઇન રોડ રાજકોટ ખાતે રાખેલ છે. યોગેશભાઇના મો.નં. 91067 29995 છે.

# દ્વારકા જગતમંદિરે કાલે આષાઢી બીજની પરંપરાગત ઉજવણી



» બાળ દ્વારકાધીશની ચાંદીની પાલખીમાં થશે પરિક્રમા

» સાંજે પથી ૭ વાગ્યા સુધી ભક્તિમય રથયાત્રા ઉત્સવ; બેન્ડ-શરણાઈના સૂરો વચ્ચે ઠાકોરજીની ચાર પરિક્રમા યોજાશે

**સિટી ન્યૂઝ@દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશના જગતમંદિરે આષાઢી બીજ નિમિત્તે આવતીકાલે  તા. ૧૫ ના રોજ સાંજે પાંચથી સાત વાગ્યા સુધી રથયાત્રા ઉત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવશે.

ઠાકોરજીના બાલ સ્વરૂપને ચાંદીના રથમાં બેસાડી બેન્ડવાજા તેમજ શરણાઈના સૂરોના ધામિક ભજનો સાથે જગત મંદિરના પટાંગણમાં ચાર પરિક્રમા કરાવવામાં આવશે. દરેક પરિક્રમા પૂર્ણ થયા બાદ ઠાકોરજીને ભોગ સામગ્રી તેમજ વિશેષ મહા આરતી કરવામાં આવશે.

આ ધાર્મિક પ્રસંગે શ્રીજીને ચાંદીના દિવ્ય રથ પર યાત્રા કરાવવાનું વિશેષ મહત્વ છે. જેમાં પુજારી પરિવાર અને સંખ્યાબંધ ભાવિકો ભગવાનનો રથ ખેંચી ભાવ વિભોર બનશે. રથ યાત્રામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી ઉત્સવ પૂર્ણ કરવામાં આવશે.

મંદિર પ્રશાસન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ ભાવિક ભક્તોને રથયાત્રામાં જોડાઈને દર્શન-લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે

# જામકંડોરણામાં ગૌચરની જમીન પર હોટલ ખડકી દેનાર સામે લેન્ડ ગ્રેબિંગ

## દબાણ દૂર કરવા વારંવાર સૂચના આપી છતાં ખાલી ન કરતા ગુનો નોંધાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જામકંડોરણા તાલુકાના સોડવદર ગામમાં સરકારી ગૌચરની જમીન પર બિનઅધિકૃત રીતે હોટલ બાંધી દબાણ કરનાર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તાલુકા વિકાસ અધિકારી ગૌરવભાઈ વામજાની ફરિયાદના આધારે જામકંડોરણા પોલીસે આરોપી આશીફ હનીફ અભેસોરા (રહે. સોડવદર) વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ સોડવદર ગામે સર્વે નંબર-૮૪ની ગૌચર જમીનમાંથી આશરે ૧૫૦ ચોરસ મીટર વિસ્તારમાં આરોપીએ કોઈપણ માલિકીના દસ્તાવેજ વિના બિનઅધિકૃત રીતે "પ્યાસા પાન એન્ડ કોલ્ડ ડ્રિંક્સ" નામે હોટલ બનાવી વ્યાવસાયિક ઉપયોગ શરૂ કર્યો હતો. આ મામલે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ પ્રાંત અધિકારી, ધોરાજી દ્વારા સુઓમોટો કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. લેન્ડ ગ્રેબિંગ સેલની તપાસમાં ગૌચરની સરકારી જમીન પર ગેરકાયદે દબાણ થયાનું સ્પષ્ટ થયું હતું. વહીવટી તંત્રે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આરોપીનું નિવેદન નોંધ્યું હતું, જેમાં તેણે વર્ષ ૨૦૨૩થી દબાણ કર્યાનું સ્વીકાર્યું હતું. ત્યારબાદ નાયબ કલેક્ટર દ્વારા ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ દબાણ દૂર કરવા લેખિત સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં દબાણ દૂર કરવામાં આવ્યું ન હતું. ગૌચરની જમીન ખાલી કરવા વારંવાર સૂચના આપવા છતાં દબાણ યથાવત રહેતા જિલ્લા કલેક્ટરના આદેશ બાદ તાલુકા વિકાસ અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જામકંડોરણા પોલીસે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# અષાઢી બીજે રાજકોટમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળશે

» રાજવી માંધાતાસિંહ જાડેજાના હસ્તે પહિંદ વિધિ; 26 કિ.મી. રૂટ પર ઠેર-ઠેર ભવ્ય સ્વાગત; રાસમંડળી, અઘોરી મંડળી અને વિરાટ મહાકાળી આકર્ષણનું કેન્દ્ર બનશે





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં અષાઢી બીજના પાવન અવસરે આગામી ૧૬ જુલાઈએ ભગવાન જગન્નાથજીની પરંપરાગત ભવ્ય રથયાત્રા નીકળશે. છેલ્લા ૧૯ વર્ષથી યોજાતી આ રથયાત્રાનો પ્રારંભ સવારે ૮ વાગ્યે જગન્નાથ મંદિરેથી થશે. રથની પહિંદ વિધિ રાજવી માંધાતાસિંહ જાડેજાના હસ્તે યોજાશે. વર્ષમાં એક વખત ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળતા હોવાથી મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે ઉમટી પડશે.

આ વર્ષે રથયાત્રામાં વૃંદાવનની રાસમંડળી, અઘોરી મંડળી તેમજ ઉજ્જૈનની વિરાટ મહાકાળીનું જીવંત પ્રદર્શન મુખ્ય આકર્ષણ રહેશે. વિવિધ સ્થળોએ આ કલાકારો પોતાની કલા રજૂ કરી ભક્તોને ભક્તિ સાથે મનોરંજનનો પણ આનંદ કરાવશે.

રથયાત્રા અંદાજે ૨૬ કિલોમીટરના રૂટ પર શહેરભરમાં પરિભ્રમણ કરીને સાંજે મંદિર પરત ફરશે. સમગ્ર માર્ગ પર વિવિધ ધાર્મિક, સામાજિક, વેપારી અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા પુષ્પવર્ષા, ફૂલહાર, સરબત, ઠંડા પીણાં અને પ્રસાદથી ભગવાનનું સ્વાગત કરવામાં આવશે. યાત્રા દરમિયાન ભક્તોને ૨૫૦ કિલો ફણગાવેલા મગ તથા ૧૫૦ કિલો ચણાના પ્રસાદનું વિતરણ પણ કરવામાં આવશે.

રથયાત્રાનો માર્ગ મોકાજી સર્કલ, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, પુષ્કરધામ મેઈન રોડ, જે.કે. ચોક, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, સાધુ વાસવાણી રોડ, રૈયા રોડ, સદરબજાર, લીમડા ચોક, ત્રિકોણબાગ, સાંગણવા ચોક, પેલેસ રોડ, કેવડાવાડી મેઈન રોડ, સોરઠિયાવાડી સર્કલ, દેવપરા શાકમાર્કેટ, સહકાર મેઈન રોડ, પીડીએમ કોલેજ, સ્વામીનારાયણ ચોક, મવડી રોડ, રાજનગર ચોક અને નાનામૌવા ચોકડી થઈને ફરી મંદિર પહોંચશે. બપોરે રાજવી માંધાતાસિંહ જાડેજાના પેલેસ ખાતે ભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

રથયાત્રામાં સૌથી આગળ ડીજે, ત્યારબાદ રાસમંડળીઓ, ભગવાન જગન્નાથજી, બલભદ્રજી અને સુભદ્રાજીના રથ, પ્રસાદનો રથ તથા સુશોભિત ફ્લોટ્સ જોડાશે. જગન્નાથ મંદિરના મહંત મનમોહનદાસજીએ શહેરના તમામ નાગરિકોને રથયાત્રામાં જોડાઈ ભગવાનના દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# અષાઢી બીજે સંત વેલનાથ જયંતિની 28મી ભવ્ય અને વિશાળ શોભાયાત્રા નીકળશે

## બહુમાળી ભવન ચોકથી સવારે 9 વાગ્યે ભવ્ય પ્રસ્થાન; માર્ગભરમાં સ્વાગત, સરબત, છાશ અને પ્રસાદની વિશેષ વ્યવસ્થા

સિટી ન્યૂઝ@રાજકોટ



ચુંવાળીયા કોળી જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ પ્રેરિત સંત વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિ દ્વારા અષાઢી બીજના પાવન અવસરે આગામી ૧૯ જુલાઈએ સંત વેલનાથબાપુની ૨૮મી ભવ્ય અને વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા સવારે ૯ વાગ્યે બહુમાળી ભવન ચોકથી ધામધૂમપૂર્વક પ્રસ્થાન કરશે. વિવિધ ધર્મસ્થાનના સંતો, મહંતો અને આગેવાનોના હસ્તે શોભાયાત્રાને વિધિવત પ્રસ્થાન અપાશે, જે સમગ્ર શહેરમાં ભક્તિભાવનું વાતાવરણ સર્જશે. શોભાયાત્રામાં કોળી સમાજ ઉપરાંત વિવિધ સમાજના ધર્મપ્રેમી નાગરિકો, લોકપ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, તબીબો, વકીલો, શિક્ષકો, પત્રકારો અને સરકારી અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક જોડાશે. સમાજની વિવિધ સંસ્થાઓ, મંડળો અને યુવા સંગઠનો પણ આ શોભાયાત્રામાં સક્રિય સહભાગી બની ભક્તિ અને એકતાનો સંદેશ આપશે.યાત્રાના સમગ્ર માર્ગ પર સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેર-ઠેર ભવ્ય સ્વાગત, સરબત, છાશ અને પ્રસાદનું વિતરણ કરવામાં આવશે, જેથી યાત્રાળુઓને સુવિધા મળી રહે. શોભાયાત્રાનો રૂટ બહુમાળી ભવન ચોક, હોસ્પિટલ ચોક, પારેવડી ચોક, ડીલક્ષ ચોક, કુવાડવા રોડ, ચામુંડા સોસાયટી ચોક, ક્રાંતિ માનવ સેવા માર્ગ અને જુનો મોરબી રોડ થઈ સંત વેલનાથ કોમ્યુનિટી હોલ ખાતે પૂર્ણ થશે, જ્યાં વિશાળ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનને સફળ બનાવવા અરૂણાબેન મગવાનીયા, ચેતનભાઈ મારસુણીયા, કુંવરજીભાઈ ભખોડીયા, ભરતભાઈ ડાભી, દેવભાઈ કોરડીયા, દેવાંગભાઈ કુકાવા, દિપકભાઈ બાબરીયા સહિત ઉત્સવ સમિતિના હોદ્દેદારો અને કાર્યકરો સતત જહેમત ઉઠાવી રહ્યા છે. સમિતિએ કોળી સમાજ તેમજ તમામ ધર્મપ્રેમી નાગરિકોને આ ભવ્ય શોભાયાત્રામાં જોડાઈ ભક્તિભાવ વ્યક્ત કરવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SBI FUNDS MANAGEMENT | 14/7 | 16/7 | 545 - 574 | 26 | 14,924 |
| ALPINE TEXWORLD | 14/7 | 16/7 | 100 - 105 | 142 | 14,910 |
| **SME DETAILS** | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| MILLWORKS TECHNOLOGIES | 14/7 | 16/7 | 315 - 331 | 800 | 2,64,800 |
| SOTEFIN BHARAT | 16/7 | 20/7 | 178 - 187 | 1200 | 2,24,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- HCL TECHNOLOGIES દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક (Q૧ FY૨૭) ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. કંપનીનો કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૨૦.૩૪% વધીને ૪,૬૨૬ કરોડ થયો છે. ગત વર્ષના સમાન ત્રિમાસિકમાં તે ૩,૮૪૪ કરોડ હતો. કામગીરીમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૧૪% વધીને ૩૪,૫૭૯ કરોડ પર પહોંચી છે. શેરધારકો માટે પ્રતિ શેર ૧૨ વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરાઈ છે.
- ICICI PRUDENTIAL ASSET MANAGEMENT COMPANY દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક (Q૧ FY૨૭) ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૩.૧૦% વધીને ૯૬૪.૬૩ કરોડ થયો છે. ગત વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં (Q૧ FY૨૬) કંપનીએ ૭૮૩.૬૪ કરોડનો નફો કર્યો હતો. ત્રિમાસિક ધોરણે માર્ચ ક્વાર્ટરના ૭૬૮.૫૮ કરોડની સરખામણીએ નફામાં ૨૫.૫૧% નો વધારો થયો છે. કંપનીની ઓપરેશનલ રેવેન્યુ વાર્ષિક ધોરણે ૧૭.૫૫% વધીને ૧,૫૬૪.૨૨ કરોડ પર પહોંચી છે, જે ગત વર્ષે ૧,૩૩૦.૬૭ કરોડ હતી.
- BAJAJ CONSUMER CARE દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક (Q૧ FY૨૭) ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. કંપનીનો કન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮૪.૮૨% વધીને ૭૦.૭૫ કરોડ થયો છે. ગત વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં (Q૧ FY૨૬) કંપનીનો નફો ૩૮.૨૮ કરોડ હતો. કંપનીની કુલ ઓપરેશનલ રેવેન્યુ વાર્ષિક ધોરણે ૨૪.૯૪% વધીને ૩૪૧.૫૭ કરોડ પર પહોંચી છે. ગત વર્ષે સમાન ગાળામાં તે ૨૭૩.૩૯ કરોડ નોંધાઈ હતી.
- પેજ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની બોર્ડ મીટિંગ ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- આદિત્ય બિરલા કેપિટલ લિ.ની બોર્ડ મીટિંગ ૩૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- જેબીએમ ઓટો લિ.ની સબસિડિયરી જેબીએમ ઈલેક્ટ્રિક વેહિકલ્સે ૫૦૦ ઈલેક્ટ્રિક બસોની સપ્લાય કરવા માટે ડ્રાઈવન સાથે ભાગીદારી કરી છે.
- નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિ.ની ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- આઈડીબીઆઈ બેન્ક લિ.ની બોર્ડ મીટિંગ ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- સેગિલિટી ઈન્ડિયા લિ.ની બોર્ડ મીટિંગ ૨૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**